પાના -૮, કિંમત રૂ.૨, તા. ૨૯-૦૬-૨૦૨૪- શનિવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઇ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભ ાઇ ચાવડા ● વર્ષ : ૨૮ ● અંક : ૧૭૩ ● મોબાઇલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# બાલતાલ-પહેલગામથી અમરનાથ યાત્રાનો આરંભ

## કડક સુરક્ષા વચ્ચે યાત્રાના દુર્ગમ માર્ગો પર ૪૬૦૩ શ્રદ્ધાળુઓને પ્રથમ જથ્થો રવાનાઃ અમરનાથ યાત્રા કુલ પર દિવસ ચાલુ રહેશે

જમ્મુ,તા. ૨૯

કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં અમરનાથની પવિત્ર ગુફામાં બાબા અમરનાથના દર્શન માટે શનિવાર (૨૯ જૂન)થી યાત્રા શરૂ થઈ ગઈ છે. બાલતાલ અને પહેલગામ કેમ્પમાંથી શ્રદ્ધાળુઓની પ્રથમ ટુકડી વહેલી સવારે અમરનાથ ગુફા માટે રવાના થઈ ગઈ છે. કુલ ૪,૬૦૩ શ્રદ્ધાળુઓ આજે શિવલિંગના દર્શન માટે યાત્રા કરશે.

અનંતનાગમાં પરંપરાગત નુનવાન-પહેલગામ રૂટ અને ગાંદરબલમાં બાલતાલ રૂટ દ્વારા ૨૯ જૂને શરૂ થયેલી અમરનાથ યાત્રા પર દિવસ સુધી ચાલશે. જે ૧૯ ઓગસ્ટના રોજ સમાપ્ત થશે. આ વર્ષે અમરનાથ આ યાત્રા માટે ૩.૫૦ લાખથી વધુ લોકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. ૨૬મી જૂનથી ઓફલાઈન રજીસ્ટ્રેશન શરૂ થઈ ગયું હતું.

શુક્રવારે (૨૮ જૂન), ૪,૬૦૩ શ્રદ્ધાળુઓ કાશ્મીર ખીણમાં બાલતાલ અને પહેલગામ બેઝ કેમ્પ પહોંચ્યા હતા. જમ્મુના ભગવતી નગર યાત્રી નિવાસ બેઝ કેમ્પથી ૨૩૧ વાહનોમાં CRPFની થ્રી લેયર સુરક્ષા વચ્ચે શ્રદ્ધાળુઓ રવાના થયા હતા.



જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ શ્રદ્ધાળુઓને લીલી ઝંડી આપી હતી. લેફ્ટનન્ટ ગવર્નરે યાત્રાળુઓને સલામત યાત્રાની શુભેચ્છા પાઠવી હતી. તેમણે કહ્યું કે બાબા અમરનાથજીના આશીર્વાદ દરેકના જીવનમાં સુખ શાંતિ,અને સમૃદ્ધિ લાવે.

અધિકારીઓએ જણાવ્યું કે શ્રીનગર પહોંચતા જ વરિષ્ઠ પોલીસ અને નાગરિક વહીવટી અધિકારીઓ અને સ્થાનિક લોકોએ દક્ષિણ કાશ્મીરના કુલગામ જિલ્લાના કાઝીગુંડ વિસ્તારમાં નવયુગ ટનલ ખાતે ૪,૬૦૩ શ્રદ્ધાળુઓનું સ્વાગત કર્યું હતું.

આ માર્ગ દ્વારા ગુફા સુધી પહોંચવામાં ૩ દિવસ લાગે છે, પરંતુ આ માર્ગ સરળ છે. યાત્રામાં ઊભું ચઢાણ નથી. પહેલગામથી પહેલું સ્ટોપ ચંદનવાડી છે. તે બેઝ કેમ્પથી ૧૬ કિમી દૂર છે. અહીંથી ચઢાણ શરૂ થાય છે. ૩ કિમી ચડ્યા પછી યાત્રા પિસ્સુ ટોપ પર પહોંચે છે.

આ પછી, પગપાળા યાત્રા સાંજે શેષનાગ પહોંચે છે. આ યાત્રા લગભગ ૯ કિમીની છે. બીજા દિવસે, મુસાફરો શેષનાગથી પંચતરણી જાય છે. તે શેષનાગથી લગભગ ૧૪ કિમી દૂર છે. ગુફા પંચતરણીથી માત્ર ૬ કિમી દૂર છે. જો સમય ઓછો હોય, તો બાબા

અનુસંધાન પાના ૭ પર

# કેજરીવાલની ધરપકડના વિરોધમાં ઠેર-ઠેર આપ દ્વારા વિરોધ પ્રદર્શન

### આપના કાર્યકરો દ્વારા ભાજપ કાર્યાલયો પાસે વિરોધ પ્રદર્શન

નવી દિલ્હી,તા. ૨૯

નવી દિલ્હી. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની "ગેરકાયદેસર" ધરપકડ સામે આમ આદમી પાર્ટી શનિવારે દેશભરમાં બીજેપી કાર્યાલયો પર વિરોધ પ્રદર્શન કરશે.

અગાઉ જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ, AAP કાર્યકર્તાઓ સવારે ૧૧.૩૦ વાગ્યે દિલ્હીમાં બીજેપી હેડક્વાર્ટર ખાતે વિશાળ વિરોધ પ્રદર્શન કરશે. એ જ રીતે, AAP કાર્યકર્તાઓ પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્ય પ્રદેશ સહિત ૨૨ રાજ્યોમાં ભાજપના રાજ્ય મુખ્યાલય પર વિરોધ પ્રદર્શન કરશે.

છછછનું કહેવું છે કે અરવિંદ કેજરીવાલ સુપ્રીમ કોર્ટમાંથી જામીન મેળવવાના હતા ત્યારે બીજેપીની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારે CBI દ્વારા તેમની ધરપકડ કરી હતી. ભાજપ આમ આદમી પાર્ટીને ખતમ કરવા અને અરવિંદ કેજરીવાલને ચૂંટણીથી દૂર રાખવા માંગે છે. એટલા માટે તેઓ કેજરીવાલ વિરુદ્ધ ખોટા કેસ દાખલ કરીને તેમને ફસાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

AAPનું કહેવું છે કે ભાજપની કેન્દ્ર સરકાર પોતાના રાજકીય હેતુઓ માટે તમામ કેન્દ્રીય તપાસ એજન્સીઓનો દુરુપયોગ કરી રહી છે. સીબીઆઈએ છેલ્લા બે વર્ષ સુધી સીએમ અરવિંદ કેજરીવાલને કહેવાતા દારૂ કૌભાંડમાં આરોપી બનાવ્યા ન હતા. પરંતુ જ્યારે ભાજપને લાગ્યું કે અરવિંદ કેજરીવાલ સુપ્રીમ કોર્ટમાંથી જામીન મેળવવા જઈ રહ્યા છે, ત્યારે તેઓએ CBIને આગળ કરી. તેમનો હેતુ કોઈ કેસની તપાસ કરવાનો નથી કે તેમને કાયદા સાથે કોઈ લેવાદેવા નથી. ભાજપ ઈચ્છે છે કે કોઈપણ રીતે અરવિંદ કેજરીવાલને જેલમાં રાખવામાં આવે, તેમને ચૂંટણીથી દૂર રાખવામાં આવે અને છછછને ખતમ કરી દેવામાં આવે. તેથી ભાજપ પોતાના રાજકીય ઉદ્દેશ્યો પૂરા કરવા માટે કેન્દ્રીય સંસ્થાઓનો દુરુપયોગ કરી રહી છે.

અનુસંધાન પાના ૭ પર

# ગ્રેટર નોઈડામાં નવા બિલ્ડીંગની દિવાલ પડતા ૮ બાળકો દટાયા

### વરસાદમાં સર્જાયેલી દુર્ઘટનામાં ૩નાં મોત : પાંચ બાળકો ઘાયલ

નવી દિલ્હી,તા. ૨૯

નવી દિલ્હીના ગ્રેટર નોઈડામાં એક દિવાલ ધસી પડવાની ઘટનામાં ત્રણ બાળકોના મૃત્યુ થયા હતા. જ્યારે અન્ય પાંચ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા છે. કુલ ૮ બાળકો આ દુર્ઘટનાનો શિકાર થયા હતા.ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે ધસી આવ્યો હતો અને મૃતકોના શબ પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધા હતા. સેન્ટ્રલ નોઈડાના એડિશનલ ડીસીપી હિરદેશ કઠેરિયાએ કહ્યું કે સૂરજપુરની હદમાં આવેલા ખોદના ગામમાં નિર્માણાધીન મકાનની દિવાલ ધસતાં સગીરનો પરિવાર અને તેના સંબંધીના ૮ બાળકો કાટમાળ નીચે દટાઈ ગયો હતો જેમાં ૩ બાળકોના દુઃખદ મૃત્યુ થયા હતા. અન્ય બાળકોની સારવાર ચાલી રહી છે. આ મામલે કાર્યવાહી કરવી જરૂરી થઈ ગઈ છે. આ ઘટના સૂરજપુર ક્ષેત્રના ખોદના ગામની હદમાં બની હતી. અહીંના રહેવાસી સગીરના જ પરિવાર અને તેમના સંબંધીઓના ૮ બાળકો કાટમાળ નીચે દટાઈ ગયા હતા.ઘટનામાં ઘાયલોની ઓળખ આયશા (ઉ.૧૬), હુસૈન (ઉ.૫), વાસીલ (ઉ.૧૧), સોહના (ઉ.૧૨) અને સમીર (ઉ.૧૫) તરીકે થઈ હતી. જ્યારે મૃતકોની ઓળખ અહદ (ઉ.૪), આદિલ (ઉ.૮) અને અલફિઝા (ઉ.૨) તરીકે થઈ હતી.

# લદ્દાખમાં ટેન્ક પ્રેક્ટિસ વખતે દુર્ઘટના સર્જાતા પાંચ સુરક્ષા જવાનો શહીદ

### નદી પાર કરી રહ્યા હતા ત્યારે અચાનક પાણી વધી જતા દુર્ઘટા સર્જાઈ

નવી દિલ્હી,તા. ૨૯

લદ્દાખમાં JCO સહિત ૫ જવાનો શહીદ થયાઃન્છ૭ઝ પાસે મિલિટરી એક્સરસાઈઝ દરમિયાન ટેન્ક સાથે નદી પાર કરી રહ્યા હતા, અચાનક પાણી વધી જતા દુર્ઘટના સર્જાઈ

લદ્દાખના દૌલત બેગ ઓડે વિસ્તારમાં નદી પાર કરવાની ટેન્ક પ્રેક્ટિસ દરમિયાન્-૭૨ ટેન્ક અકસ્માતનો ભોગ બની હતી. નદીમાં પાણીનું સ્તર અચાનક વધવાને કારણે આ અકસ્માત સર્જાયો હતો. આ ઘટના ન્છઝ પાસે મંદિર મોર વિસ્તારમાં બની હતી, જેમાં એક ત્રર્ઝ સહિત પાંચ જવાનો શહીદ થયા હતા.

અત્યાર સુધી પ્રાપ્ત માહિતી અનુસાર, જ્યારે ટેન્ક નદી પાર કરી રહી હતી ત્યારે અચાનક પાણીનું સ્તર વધી ગયું હતું, જેના કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી. આ ઘટના સવારે ૩ વાગ્યાની આસપાસ બની હતી. પાંચેય મૃતદેહો મળી આવ્યા છે.

લદાખ ક્ષેત્રમાં ટેન્ક યુદ્ધાભ્યાસ દરમિયાન આર્મીના પાંચ જવાનો શહીદ થયા હતા. જે નદીમાંથી ટેન્ક પસાર થઈ રહી હતી તેમાં પાણીનું સ્તર અચાનક વધી જતાં આ અકસ્માત થયો હતો. લદાખ ક્ષેત્રના લેહ શહેરમાંથી સત્તાવાર સૂત્રોએ આઈએએનએસને જણાવ્યું કે શુક્રવારે લાઈન ઓફ એક્ચુઅલ કન્ટ્રોલ (LAC) નજીક દૌલત બેગ ઓડે વિસ્તારમાં ટેન્ક એક્સરસાઈઝ દરમિયાન દુર્ઘટના સર્જાઈ હતી.આ યુદ્ધાભ્યાસદરમિયાન,ટેન્ક દ્વારા નદી પાર કરવામાં આવી રહી હતી, તે ઊંચાઈવાળા વિસ્તારોમાં વાદળ ફાટવાને કારણે અચાનક પૂર આવ્યું હતું.

સૂત્રોએ જણાવ્યું હતું કે, "એક ટેન્ક અચાનક પૂરમાં ફસાઈ ગઈ, જેમાં પાંચ સૈનિકો શહીદ થયા." સૂત્રોએ જણાવ્યું કે આ અકસ્માતમાં શહીદ થયેલા જવાનોમાં એક જુનિયર કમિશન્ડ ઓફિસર પણ સામેલ છે.

# ભારે વરસાદના કારણે દિલ્હીના ઈમ્સના ઓપરેશન થિયેટરો બંધ

### ૨૪ કલાકમાં ૧૦ ઈંચ વરસાદથી દિલ્હીની હાલત ખરાબ

નવી દિલ્હી,તા. ૨૯

શુક્રવારે રાજધાનીમાં વરસાદને કારણે દિલ્હી એઈમ્સના ઓપરેશન થિયેટરને પણ અસર થઈ છે. વરસાદના કારણે દિલ્હી એઈમ્સના એક-બે નહીં પરંતુ નવ ઓપરેશન થિયેટર બંધ રહ્યા હતા. ઓપરેશન થિયેટરો બંધ હોવાને કારણે ડઝનબંધ સર્જરીઓને અસર થઈ હતી.

ખાસ કરીને જે દર્દીઓ આજે સર્જરી કરાવવા જતા હતા તેમને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. જણાવવામાં આવી રહ્યું છે કે હોસ્પિટલના સ્ટોર રૂમમાં પણ વરસાદી પાણી ભરાઈ ગયા હતા.

AIIMS એ પોતાના નિવેદનમાં કહ્યું છે કે જે દર્દીઓને ઈમરજન્સી સર્જરીની જરૂર હોય તેમને સફદરજંગ અને રાજધાનીની અન્ય સરકારી હોસ્પિટલોમાં મોકલવામાં આવે. આવતીકાલે પણ ઓપરેશન થિયેટર પ્રભાવિત થવાની આશંકા છે. હવે સવાલ એ ઉઠે છે કે દેશની ટોચની હોસ્પિટલોમાં ગણાતી દિલ્હી AIIMSની જો આ હાલત છે તો અહીં વિવિધ રાજ્યોમાંથી સારવાર માટે આવતા દર્દીઓની શું હાલત હશે.

ઓપરેશન થિયેટરને બંધ કરવા માટે AIIMS ટ્રોમા સેન્ટરના ગ્રાઉન્ડ ફ્લોર પર પાણીનો ભરાવો

અનુસંધાન પાના ૭ પર

# હરિયાણાની સ્કૂલોમાં ચાર લાખ નકલી પ્રવેશ કૌભાન્ડમાં સીબીઆઈ તપાસ

## સીબીઆઈ દ્વારા શિક્ષણ વિભાગના અધિકારી સામે એફઆઈઆર દાખલ

નવી દિલ્હી,તા. ૨૯

હરિયાણા : NEET-UG પેપર લીકમાં છેડછાડનો મુદ્દો હજુ પણ ગરમ છે. તે જ સમયે, હરિયાણામાં શિક્ષણ સાથે જોડાયેલ એક મુદ્દો પણ સામે આવ્યો છે. હરિયાણાની પ્રાથમિક શાળાઓમાં ૪ લાખ બાળકોના નકલી એડમિશનના મામલામાં મોટું અપડેટ સામે આવ્યું છે. હવે આ મામલે કેન્દ્રીય તપાસ બ્યુરો (CBI) એ હરિયાણાના પ્રાથમિક શિક્ષણ વિભાગના અધિકારીઓ વિરુદ્ધ કેસ નોંધ્યો છે.

પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના આદેશ પર સીબીઆઈ આ કેસની તપાસ કરી રહી હતી. સીબીઆઈ ૨૦૧૯થી આ કેસની તપાસ કરી રહી હતી. હવે લગભગ પાંચ વર્ષ બાદ આ મામલે કેસ નોંધવામાં આવ્યો છે.



CBI એ ૨૦૧૪-૧૬ વચ્ચે હરિયાણા રાજ્યની સરકારી શાળાઓમાં ૪ લાખ વિદ્યાર્થીઓના નકલી પ્રવેશ અને નકલી વિદ્યાર્થીઓના નામે ભંડોળ ઉપાડવા બદલ વિભાગના અધિકારીઓ સામે ભ્રષ્ટાચાર અધિનિયમની કલમો હેઠળ કેસ નોંધ્યો છે.

મામલો ૨૦૧૬નો છે જ્યારે હરિયાણા સરકારે ગેસ્ટ ટીચર્સને બચાવવા માટે અપીલ દાખલ કરી હતી. આ દરમિયાન કોર્ટ સમક્ષ કેટલાક ચોંકાવનારા આંકડા સામે આવ્યા હતા. કોર્ટને જાણવા મળ્યું હતું કે ૨૦૧૪-૧૫માં સરકારી શાળાઓમાં ૨૨ લાખ વિદ્યાર્થીઓ હતા, જ્યારે ૨૦૧૫-૧૬માં તેમની સંખ્યા ઘટીને માત્ર ૧૮ લાખ થઈ ગઈ હતી.

તેના પર હાઈકોર્ટે હરિયાણા

અનુસંધાન પાના ૭ પર

# દેશભરની બેંકોને સાયબર હુમલા અંગે એલર્ટ કરાઈ

### બેંકોએ એલર્ટ રહેવા રિઝર્વ બેંકની માર્ગદર્શિકા જારી

મુંબઈ,તા. ૨૯

ભારતીય બેન્કીગ ક્ષેત્ર પર મોટો સાઈબર એટેકનો ખતરો હોવાની ગંભીર બાતમી મળતા તમામે તમામ બેંકોને હાઈએલર્ટ પર મુકવામાં આવી છે અને ચોવીસ કલાક સીસ્ટમ પર દેખરેખ રાખવાની સુચના આપવામાં આવી છે.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા દ્વારા માર્ગદર્શીકા જારી કરવામાં આવી છે તેમાં એમ જણાવ્યુ છે કે સાઈબર એટેકનાં ગંભીર ખતરાને ધ્યાને રાખીને તમામ બેંકોને ચોવીસેય કલાક સીસ્ટમનું મોનીટરીગ કરવાની સલાહ આપવામાં આવે છે.

રસપ્રદ વાત એ છે કે દુનિયામાં અનેક મોટા સાઈબર એટેકમાં સામેલ લુલ્ઝ એક ગ્રુપે ભારતીય બેંકો પર સાઈબર એટેક માટે તોપ તાકી હોવાની પોસ્ટ સોશ્યલ મીડીયામાં વહેતી થઈ હતી અને તે સમયગાળામાં જ રીઝર્વ બેન્કે માર્ગદર્શીકા જારી કરી છે.

સાઈબર એટેક માટે કુખ્યાત ગણાતુ આ જુથ કેટલાંક વખતથી નિષ્ક્રીય હતું અને તેના દ્વારા આવા કૃત્યો બંધ કરી દેવાયાનું મનાવા લાગ્યુ હતું. તેવા સમયે જ તે ફરી એકટીવ થયાના સંકેત છે.

બેન્કીગ સીસ્ટમમાં શંકાસ્પદ ઘુસણખોરી પકડવા માટે સર્વર તથા નેટવર્ક પર સતત દેખરેખ રાખવાના આદેશ કરવામાં આવ્યા છે આ સિવાય સ્વીફટ ઉપરાંત કાર્ડ નેટવર્ક આરટીજીએસ, નેફટ તથા

અનુસંધાન પાના ૭ પર

# પશ્ચિમ બંગાળના રાજ્યપાલ દ્વારા મમતા વિરુદ્ધ માનહાનીનો કેસ

### મમતાએ કહ્યું હતું કે મહિલાઓ રાજભવન જતા પણ ડરે છે

નવી દિલ્હી,તા. ૨૯

દેશમાં પ્રથમ વખત રાજ્યપાલે સીએમ સામે માનહાનિનો કેસ દાખલ કર્યો છે. પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝે શુક્રવારે સીએમ મમતા બેનર્જી અને ટીએમસીના કેટલાક નેતાઓ વિરુદ્ધ કલકત્તા હાઈકોર્ટમાં આ કેસ દાખલ કર્યો હતો.

એક દિવસ પહેલા મમતાએ કહ્યું હતું કે મહિલાઓએ તેમને ફરિયાદ કરી હતી કે તેઓ રાજભવન ખાતેની પ્રવૃત્તિઓને કારણે ત્યાં જવાથી ડરે છે. ગવર્નર અને સીએમ વચ્ચે ઘણા સમયથી ટક્કર ચાલી રહી છે.

૨ મેના રોજ લોકસભા ચૂંટણી દરમિયાન રાજભવનની એક હંગામી મહિલા કર્મચારીએ રાજ્યપાલ પર છેડતીનો આરોપ લગાવ્યો હતો. મમતા સરકારે પોલીસને તપાસ સોંપી હતી. રાજ્યપાલે રાજભવનમાં પોલીસના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો હતો. રાજ્યપાલે અરજી કરી હતી

આ ઘટના રાજકીય પ્રેરિત હોવાનું કહેવાય છે. પોલીસે મહિલાને ઉશ્કેરી અને તેને વીડિયો બનાવવા માટે પ્રેરિત કરી.

પહેલો કેસઃ રાજ્યપાલ સીવી આનંદ બોઝ પર ૨ મેના રોજ રાજભવનની એક મહિલા કર્મચારી દ્વારા જાતીય સતામણીનો આરોપ મૂકવામાં આવ્યો હતો. તેણે આ અંગે હેર સ્ટ્રીટ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપી હતી. સમાચાર એજન્સી પીટીઆઈ અનુસાર, મહિલાનો આરોપ છે કે તે ૨૪ માર્ચે રાજ્યપાલ પાસે કાયમી નોકરીની વિનંતી માટે ગઈ હતી. પછી રાજ્યપાલે ગેરવર્તન કર્યુ. જ્યારે ગુરુવારે ફરીથી આવું જ થયું, ત્યારે તે રાજભવનની બહાર તહેનાત પોલીસ અધિકારી પાસે ગઈ અને

અનુસંધાન પાના ૭ પર

# સાંસદ ઔવેસીના ઘરે શાહી ફેંકનારાઓ વિરુદ્ધ ગુનો દાખલ

### સાંસદોના બંગલા પણ સુરક્ષીત નથીઃ ઓવેસી

નવી દિલ્હી,તા. ૨૯

હૈદરાબાદના સાંસદ અસદુદ્દીન ઓવૈસીના દિલ્હીના ઘર પર કાળી શાહી ફેંકનારાઓ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. દિલ્હી પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે સંસદ સ્ટ્રીટ સ્ટેશનમાં IPCની કલમ ૧૪૩, ૫૦૬, ૧૫૩છ અને ૧૪૭ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. આ મામલે તપાસ શરૂ કરવામાં આવી છે.

બીજી તરફ ઘટના બાદ લોકસભા અધ્યક્ષ ઓવૈસીને મળ્યા હતા. તેમણે કહ્યું હતું કે આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ખરેખરમાં, ગુરુવારે ઓવૈસીએ ઠ પર એક વીડિયો શેર કર્યો હતો અને દાવો કર્યો હતો કે તેમના ઘર પર કાળી શાહી ફેંકવામાં આવી છે. તેમણે કહ્યું કે સાંસદનો બંગલો પણ સુરક્ષિત નથી.

ઓવૈસીએ કહ્યું હતું કે મારા ઘરને નિશાન બનાવનારા નાના ગુંડાઓથી હું ડરતો નથી. હિંમત હોય તો મારો સામનો કરે. શાહી ફેંક્યા પછી અથવા પથ્થર ફેંક્યા પછી ભાગશો નહીં. સાવરકર જેવી કાયરતા કરવાનું બંધ કરો.

તેમણે કહ્યું હતું કે હવે હું ગણતરી કરવાનું ભૂલી ગયો છું કે

અનુસંધાન પાના ૭ પર

# થર્ડ પાર્ટી એપ દ્વારા ક્રેડીટ કોર્ડથી પેમેન્ટ પર એક ટકો વધુ ચાર્જ

### એચડીએફસી બેંકે ગ્રાહકોને સૂચના પાઠવી

નવી દિલ્હી,તા. ૨૯

ભારતમાં ખાનગી ક્ષેત્રની સૌથી મોટી બેંક HDFC બેંકે ક્રેડિટ કાર્ડ ધારકો માટે તેના નિયમો અને શરતોમાં સુધારો કર્યો છે. નવા નિયમો ૧ ઓગસ્ટ, ૨૦૨૪થી અમલમાં આવશે. કંપનીએ કહ્યું છે કે થર્ડ પાર્ટી પેમેન્ટ એપ્સનો ઉપયોગ કરીને ભાડાના વ્યવહારો માટે ૧% ચાર્જ કરવામાં આવશે.

PayTM, CRED, MobiKwik અને ચેક જેવી થર્ડ પાર્ટી પેમેન્ટ એપ દ્વારા કરવામાં આવતા ભાડાના વ્યવહારો પર ટ્રાન્ઝેકશનની રકમ પર ૧ ટકાનો ચાર્જ પણ વસૂલવામાં આવશે.

ચુકવણીની મર્યાદા પ્રતિ ટ્રાન્ઝેકશન રૂ. ૩,૦૦૦ છે. રૂ. ૫૦,૦૦૦થી વધુના યુટિલિટી ટ્રાન્ઝેકશન પર ૧% ચાર્જ, રૂ. ૫૦,૦૦૦થી નીચેના ટ્રાન્ઝેકશન પર કોઈ વધારાનો ચાર્જ નહીં. જોકે, રૂ. ૫૦,૦૦૦થી વધુના વ્યવહારો પર ૧ ટકા ચાર્જ લાગશે. પ્રતિ ટ્રાન્ઝેકશન રૂ. ૩,૦૦૦ની મર્યાદા છે. જો કે, વીમા વ્યવહારોને આ શુલ્કમાંથી મુક્તિ આપવામાં આવી છે. રૂ. ૧૫,૦૦૦થી વધુના ઈંધણ વ્યવહારો પર ૧% ચાર્જ વસૂલવામાં આવશે. રૂ. ૧૫,૦૦૦ થી ઓછા વ્યવહારો પર કોઈ વધારાના શુલ્ક લાગશે નહીં. રૂ. ૧૫,૦૦૦થી વધુના વ્યવહારો પર સમગ્ર રકમ પર ૧ ટકા ચાર્જ લેવામાં આવશે. પ્રતિ ટ્રાન્ઝેકશન રૂ. ૩,૦૦૦ની મર્યાદા છે

કોલેજ અથવા સ્કૂલની વેબસાઈટ અને તેમના ઙઘજ મશીનો દ્વારા સીધા કરવામાં આવેલા વ્યવહારો માટે કોઈ ચાર્જ લેવામાં આવશે નહીં. CRED, PayTM જેવી થર્ડ પાર્ટી એપ્સ દ્વારા કરવામાં આવતા ટ્રાન્ઝેકશન પર ૧% ચાર્જ લાગશે.

દરેક વ્યવહાર પર રૂ. ૩૦૦૦

અનુસંધાન પાના ૭ પર





# બાર્બાડોસમાં વાગશે ભારતનો ડંકો, 11 વર્ષની પ્રતીક્ષાનો આવશે અંત

T20 વર્લ્ડ કપ 2024માં ભારત અને દક્ષિણ આફ્રિકા આ બે ટીમો એવી છે જે એક પણ મેચ હાર્યા વિના ફાઇનલમાં પહોંચી છે. આવી સ્થિતિમાં આ વખતે જે પણ ફાઈનલ જીતશે તે એક પણ મેચ હાર્યા વિના T20 વર્લ્ડ કપ જીતનારી પ્રથમ ટીમ બની જશે. સાથે જ બન્ને ટીમોની લાંબી પ્રતીક્ષાનો પણ અંત આવશે.

બાર્બાડોસના બ્રિજટાઉનમાં શનિવારે ફાઈનલ રમાશે, જેની કોઈને અપેક્ષા ન હતી. કરોડો ભારતીય ફેન ઈચ્છતા હતા કે ટીમ ઈન્ડિયા ફાઈનલ રમે, પરંતુ દરેકને આશા ન હતી કે તે ફાઈનલમાં પહોંચી શકશે. તેમ છતાં રોહિત શર્માની કેપ્ટન્સીમાં ટીમ ઈન્ડિયાએ આ કરી બતાવ્યું છે. તેનાથી પણ વધુ આશ્ચર્યજનક એ છે કે દક્ષિણ આફ્રિકા ફાઈનલમાં પહોંચી ગયું છે, દક્ષિણ આફ્રિકા ક્રિકેટ ઈતિહાસમાં પ્રથમ વખત વર્લ્ડ કપની ફાઇનલમાં પહોંચી. દક્ષિણ આફ્રિકાની ટીમ સેમીફાઈનલ સુધી પહોંચે એવી અપેક્ષા પણ થોડા જ લોકોને હશે, પરંતુ ભાગ્યે જ કોઈએ ફાઈનલ વિશે વિચાર્યું હશે.

## આજે ઈન્ડિયા અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાશે T20 વર્લ્ડ કપ ફાઈનલ; પ્રથમ વખત કોઈ ટીમ એક પણ મેચ હાર્યા વિના T20 વર્લ્ડ કપ જીતશે; ઈન્ડિયા અને દક્ષિણ આફ્રિકામાંથી કોઈની પ્રતિક્ષાનો આવશે અંત

છેલ્લા 24 કલાકથી સોશિયલ મીડિયા પર એક મજાક ચાલી રહી છે. T20 વર્લ્ડ કપ 2024ની ફાઈનલ ક્રિકેટના 'સૌથી મોટા ચોકર' અને 'છેલ્લા દાયકાના સૌથી મોટા ચોકર' વચ્ચે છે. ભારત અને દક્ષિણ આફ્રિકા ભારત માટે આ મજા કરવામાં આવી રહી છે ક્રિકેટમાં જીત અને હાર જેવી બાબતો થતી જ રહે છે, પરંતુ જે ટીમ ટાઈટલની નજીક આવીને વારંવાર હારતી હોય છે તેને 'ચોકર'નું ટેગ આપવામાં આવે છે. આવા શબ્દોનો ઉપયોગ સાચો છે કે ખોટો એ એક અલગ ચર્ચા છે, પરંતુ જે અર્થમાં તેનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે તે યોગ્ય લાગે છે. શનિવારે 29મી જૂને કેન્સિંગ્ટન ઓવલમાં કોઈ એક ટીમ 'ટેગ'થી મુક્ત મેળવશે.

હવે કોઈ શું કહે છે, શું અપેક્ષા રાખે છે, તે બધાથી કોઈ ફરક પડતો નથી. માત્ર એક જ વાત મહત્વની છે અને તે છે મેદાનમાં પ્રદર્શન. બન્ને ટીમો અત્યાર સુધી ટૂર્નામેન્ટમાં એકપણ મેચ હારી નથી. દક્ષિણ આફ્રિકાએ તમામ 8 મેચો જીતી છે, જ્યારે ટીમ ઈન્ડિયાએ 7 મેચ જીતી છે અને એક મેચ વરસાદને કારણે રદ થઈ છે. આવી સ્થિતિમાં કોઈ પણ ટીમ ચેમ્પિયન બને શકે છે. પરંતુ એટલું તો નિશ્ચિત છે કે પ્રથમ વખત કોઈ ટીમ એક પણ મેચ હાર્યા વિના T20 વર્લ્ડ કપ જીતશે.

નંબરના હિસાબે બન્ને ટીમો અત્યારે બરાબરી જોવા મળી રહી છે, પરંતુ આ તમામ મેચોના પરિણામો અને પ્રદર્શન પર નજર કરીએ તો જ્યારે દક્ષિણ આફ્રિકાને નાની ટીમો સામે પણ સંઘર્ષ કરવો પડ્યો હતો, તો ટીમ ઈન્ડિયાએ ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડને એકતરફી રીતે હરાવ્યું છે. જોકે, બીજી બાજુ હંમેશા નજીકની મેચો હારવા માટે બદનામ દક્ષિણ આફ્રિકાએ આ વર્લ્ડ કપમાં આવા સમયે અન્ય ટીમો પાસેથી જીત છીનવી લીધી છે, જે તેને ખતરનાક બનાવે છે.

તેમ છતાં ટીમ ઈન્ડિયા વધુ મજબૂત દેખાઈ રહી છે અને તેનું કારણ ભારતની મજબૂત બોલિંગની સામે બેટ્સમેનોનું મજબૂત પ્રદર્શન છે. ટીમ ઈન્ડિયા માટે કેપ્ટન રોહિત શર્મા, સૂર્યકુમાર યાદવ, હાર્દિક પંડ્યા અને અક્ષર પટેલ સતત બેટથી સારું પ્રદર્શન કરી રહ્યા છે, જ્યારે ઋષભ પંત અને રવિન્દ્ર જાડેજાએ પણ કેટલાક પ્રસંગોએ પોતાની તાકાત બતાવી છે. જોકે ઓપનર વિરાટ કોહલી અને મિડલ ઓર્ડરમાં શિવમ દુબેનું ફોર્મ તણાવનું કારણ છે. તેનાથી વિપરીત દક્ષિણ આફ્રિકા માટે ક્વિન્ટન ડી કોક, ડેવિડ મિલર અને ટ્રિસ્ટન સ્ટબ્સ રનના સંદર્ભમાં સારું પ્રદર્શન કર્યું છે, પરંતુ તેમના પ્રદર્શનમાં પણ ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે. હેનરિક ક્લાસેન, રીઝા હેન્ડ્રીક્સ અને કેપ્ટન એડન માર્કરામ પણ ખાસ કંઈ કરી શક્યા નથી.

બન્ને ટીમો પાસે તેમની લાંબી પ્રતિક્ષાનો અંત લાવવાની તક છે. જ્યારે ટીમ ઈન્ડિયા 2007ની જીત બાદ બીજી વખત T20 વર્લ્ડ કપ જીતવા અને 2013 પછી પ્રથમ ICC ટાઈટલ જીતવાની પ્રતિક્ષા કરી રહી છે. જ્યારે દક્ષિણ આફ્રિકા તેના પહેલો વર્લ્ડ કપ જીવાની રાહ જોઈ રહી છે. જો કે, દક્ષિણ આફ્રિકા એક વખત ICC ઈવેન્ટ જીતી ચૂકી છે, પરંતુ તે 26 વર્ષ પહેલા 1998માં જીતી હતી. આવી સ્થિતિમાં દક્ષિણ આફ્રિકા પણ બીજા ICC ટાઈટલની આશા સાથે મેદાનમાં ઉતરશે.

### બન્ને ટીમો વચ્ચે જોરદાર ટક્કર જોવા મળશે

જો બોલિંગની વાત કરવામાં આવે તો બોલિંગમાં બન્ને ટીમો વચ્ચે જોરદાર ટક્કર જોવા મળશે . પરંતુ ટીમ ઈન્ડિયા બોલિંગમાં પણ વધુ આક્રમક જોવા મળી રહી છે. તો તેનું કારણ ભારતીય ટીમના સ્પિનરો છે. ટીમ ઈન્ડિયા માટે કુલદીપ યાદવ અને અક્ષર પટેલની જોડીએ લગભગ 6.5ની ઈકોનોમી પર રન આપીને 18 વિકેટ લીધી છે, જ્યારે દક્ષિણ આફ્રિકા માટે કેશવ મહારાજ અને તબરેઝ શમ્સીએ લગભગ 7ની ઈકોનોમી પર રન આપીને 20 વિકેટ લીધી છે. ટક્કર બરાબર લાગે છે, પરંતુ સ્પિનરોની ગુણવત્તા અને બેટ્સમેનોને સ્પિનરોને રમવામાં પડતી મુશ્કેલીને ધ્યાનમાં રાખીને ભારતીય સ્પિનરો વધુ અસરકારક દેખાય છે. ઉલ્લેખનીય છેકે, કુલદીપ યાદવે ગયા વર્ષે નવેમ્બરમાં જ દક્ષિણ આફ્રિકા સામેની ટી-20 મેચમાં 5 વિકેટ લીધી હતી.

### IND vs SA: રેકોર્ડ શું કહે છે?

T20માં અત્યાર સુધી બન્ને ટીમો વચ્ચે 26 વખત આમને સામને આવી છે. જેમાંથી ભારત 14 વખત જીત્યું છે, જ્યારે દક્ષિણ આફ્રિકા 11 વખત જીત મેળવી છે. જો ટી20 વર્લ્ડ કપની વાત કરીએ તો ભારતે 6માંથી 4 વખત જીત મેળવી છે જ્યારે દક્ષિણ આફ્રિકાએ 2 વખત જીત મેળવી છે. જોકે, આ પહેલા વર્લ્ડ કપમાં બન્ને ટીમો નોકઆઉટ મેચમાં માત્ર એક જ વાર આમને સામને આવી હતી. T20 વર્લ્ડ કપ 2014ની સેમીફાઈનલમાં ટીમ ઈન્ડિયાએ દક્ષિણ આફ્રિકાને હરાવીને ફાઈનલની પહોંચી હતી. હવે જોવાનું એ રહ્યું કે આ વખતે સાઉથ આફ્રિકા બદલો લેશે કે પછી ટીમ ઈન્ડિયાનો દબદબો યથાવત રહેશે.

# આજે ભારતીય સ્પિનર્સ V/S આફ્રિકન પેસર્સ વચ્ચે મુકાબલો

આઈસીસી ટી20 વર્લ્ડ કપની બંને ફાઈનાલિસ્ટ ટીમ નક્કી થઈ ચૂકી છે. ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે શનિવારે ફાઈનલ રમાશે. આફ્રિકન ટીમ પ્રથમ વખત ફાઈનલમાં રમશે. બીજી તરફ ભારત 10 વર્ષ બાદ ટી20 વર્લ્ડ કપની ફાઈનલ રમશે. બંને ટીમોએ ટૂર્નામેન્ટમાં રમેલી અત્યાર સુધીની તમામ મેચો જીતી છે.

આ મુકાબલા ભારતીય સ્પિનર્સ વિ. આફ્રિકન પેસ બોલર્સ વચ્ચેનો બની રહે તેવી પૂરી સંભાવના છે. બંને પ્રકારના આક્રમણ સામે બંને ટીમના બેટ્સમેનોની આકરી કસોટી થાય તેવી પૂરી સંભાવના છે. ફાઈનલ મુકાબલા ભારતીય સમય મુજબ શનિવારે સાંજે 8:00 વાગ્યાથી થશે. વરસાદના કારણે શનિવારે રમત શક્ય ના બને તો રવિવારે રિઝર્વ-ડેના દિવસે રમાડવામાં આવશે.

ભારત અને સાઉથ આફ્રિકા બંનેની તાકાત તેની બોલિંગ છે. સાઉથ આફ્રિકા પાસે કાગિસો રબાડા, એનરિચ નોર્તઝે તથા માર્કો જાનસેનના સ્વરૂપે ત્રણ મુખ્ય પેસ બોલર્સ છે. સ્પિન એટેકમાં તબરેઝ શમ્સી અને કેશવ મહારાજ ફોર્મમાં છે. ભારતીય ટીમ પાસે અર્શદીપસિંહ અને જસપ્રીત બુમરાહ જેવા પેસર્સ છે. ચાઈનામેન સ્પિનર કુલદીપ યાદવ બંને ટીમ વચ્ચેનો ફરક દર્શાવી શકે છે. રવીન્દ્ર જાડેજા, હાર્દિક પંડ્યા



**સાઉથ આફ્રિકા પ્રથમ અને ભારતીય ટીમ ત્રીજી વખત ફાઇનલ રમશે; વરસાદના કારણે રમત શક્ય ના બને તો રિઝર્વ-ડેના દિવસે મેચ રમાડવામાં આવશે; જો બંને દિવસ ધોવાઈ જાય તો જોઇન્ટ વિનર જાહેર કરાશે**

અને અક્ષર પટેલના સ્વરૂપે ત્રણ ઓલરાઉન્ડર છે.

બાર્બાડોસ ખાતે બ્રિજટાઉનના કેન્સિંગ્ટન ઓવલ ગ્રાઉન્ડ ખાતે અત્યાર સુધી કુલ 32 મેચ રમાઈ છે જેમાં પ્રથમ બેટિંગ કરનાર ટીમે 19 વખત તથા બીજી બેટિંગ કરનાર ટીમ 10 વખત જીતી છે. પ્રથમ ઈનિંગનો સરેરાશ સ્કોર 153 રનનો રહ્યો છે. આ ગ્રાઉન્ડમાં સર્વાધિક સ્કોર 224 રનનો તથા લોએસ્ટ 80 રનનો રહ્યો છે. હાઈએસ્ટ રનચેઝ 172 રનના ટાર્ગેટનો થયો છે.

વર્તમાન ટી20 વર્લ્ડ કપમાં ત્રણ સુપર-8ના મુકાબલા સહિત બ્રિજટાઉનમાં આઠ મેચો રમાઈ છે. એક મુકાબલો અનિર્ણીત રહ્યો હતો. સર્વાધિક સ્કોર ઓસ્ટ્રેલિયાના 201 રનનો રહ્યો હતો. સાત મેચમાંથી ચાર વખત ટોસ જીતનાર ટીમે વિજય હાંસલ કર્યો હતો. બાકીની ત્રણમાં ટોસ હારનાર ટીમને પણ સફળતા મળી છે જેમાં ભારતનો અફઘાનિસ્તાન સામેનો વિજય પણ સામેલ છે.

બુમરાહનો દબદબો જળવાઈ રહ્યો છે : ભારતીય પેસ બોલર જસપ્રીત બુમરાહનો દબદબો સતત જળવાઈ રહ્યો છે અને તે બેટ્સમેનો માટે રન બનાવવાનું મુશ્કેલ બનાવી રહ્યો છે. તેણે ટૂર્નામેન્ટમાં 4.12ના ઈકોનોમી રેટ તથા 8.15ની એવરેજથી 13 વિકેટ પોતાના નામે કરી છે. 2022થી ટી20 ઈન્ટરનેશનલમાં બુમરાહનો ઈકોનોમી રેટ 5.45નો રહ્યો છે જે વિશ્વ ક્રિકેટમાં બીજો સર્વશ્રેષ્ઠ છે. બુમરાહે વર્લ્ડ કપમાં ત્રણ તબક્કામાં બોલિંગ કરી છે. પાવરપ્લેમાં તેણે 3.75ના ઈકોનોમી સાથે ચાર વિકેટ, 7થી 15 ઓવરની વચ્ચે ચારના ઈકોનોમી સાથે ત્રણ તથા અંતિમ પાંચ ઓવર્સમાં 4.65 ઈકોનોમી સાથે છ વિકેટ હાંસલ કરી છે.

રબાડાથી સ્પીડથી સાવચેત રહેવું પડશે: ભારતીય બેટ્સમેનોએ આફ્રિકન પેસ બોલર્સ કાગિસો રબાડાથી સાવચેત રહેવું પડશે. ભારતના ટોચના બેટ્સમેનો સામે તેનું પ્રદર્શન શાનદાર રહ્યું છે. રબાડાએ રોહિતને 15 ઈનિંગ્સમાં ચાર વખત આઉટ કર્યો છે. આ દરમિયાન રોહિતનો સ્ટ્રાઈક રેટ 118.4નો તથા સરેરાશ 22.50ની રહી છે. કોહલીને પણ રબાડા 13 ઈનિંગ્સમાં ચાર વખત આઉટ કરી ચૂક્યો છે. રબાડા સામે કોહલીનો સ્ટ્રાઈક રેટ 106.3નો તથા સરેરાશ 12.75ની રહી છે. સૂર્યકુમાર યાદવે રબાડા સામે 185.3ના સ્ટ્રાઈક રેટ અને 42ની એવરેજથી રન બનાવ્યા છે પરંતુ રબાડા તેને 12 ઈનિંગ્સમાં ત્રણ આઉટ કરી ચૂક્યો છે.

વર્લ્ડ કપમાં સુકાની રોહિત શર્મા શાનદાર ફોર્મમાં છે અને ટૂર્નામેન્ટમાં તે ત્રીજો હાઈએસ્ટ રન બનાવનાર બેટ્સમેન છે. તેણે સાત મેચમાં 248 રન બનાવ્યા છે. ઓસ્ટ્રેલિયા સામે 92 તથા ઈંગ્લેન્ડ સામે 57 રનની ઈનિંગ રમી હતી. સૂર્યકુમારે કેટલીક મહત્ત્વપૂર્ણ ઈનિંગ્સ રમી છે. તેણે સાત મેચમાં 196 રન બનાવ્યા છે.

# આજે રોહિતના નામે બનશે આ રેકોર્ડ, કરશે ધોનીની બરાબરી

T20 વર્લ્ડ કપ 2024ની ફાઈનલ આજે એટલે કે શનિવારે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાશે. બંને ટીમો ટુર્નામેન્ટમાં અજેય છે અને રોમાંચક મેચની અપેક્ષા છે. ભારત ત્રીજી મેચ રમશે જ્યારે દક્ષિણ આફ્રિકા પ્રથમ T20 વર્લ્ડકપની ફાઇનલમાં રમશે. ભારતીય કેપ્ટન રોહિત શર્મા ટાઇટલ મેચમાં પ્રવેશતાની સાથે જ એક શાનદાર રેકોર્ડ પોતાના નામે કરી લેશે. તે એમએસ ધોની અને કેન વિલિયમસનની ખાસ ક્લબમાં પ્રવેશ કરશે.



વાસ્તવમાં રોહિત ત્રણ અલગ-અલગ ICC ટૂર્નામેન્ટની ફાઇનલમાં ટીમનું નેતૃત્વ કરનાર માત્ર ત્રીજો કેપ્ટન બનશે. તેમની કપ્તાની હેઠળ ભારત વર્ષ 2023માં ODI વર્લ્ડ કપ અને ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ રમી હતી. બંને વખત ભારતને ઓસ્ટ્રેલિયાના હાથે હારનો સામનો કરવો પડ્યો હતો. તે જ સમયે ધોનીની કેપ્ટન્સીમાં, ટીમ ઇન્ડિયાએ T20 વર્લ્ડ કપ, ODI વર્લ્ડ કપ અને ICC ચેમ્પિયન્સ ટ્રોફીની ટાઇટલ મેચો રમી હતી. ત્રણેય ટ્રોફી જીતનાર ધોની એકમાત્ર કેપ્ટન છે. ન્યૂઝીલેન્ડના દિગ્ગજ બેટ્સમેન વિલિયમસને પણ ત્રણ અલગ-અલગ આઈસીસી ટૂર્નામેન્ટમાં કેપ્ટનશીપ કરી છે. તેમના નેતૃત્વ હેઠળ ન્યુઝીલેન્ડે ODI વર્લ્ડ કપ 2019, T20 વર્લ્ડ કપ 2021 અને ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2021ની ફાઈનલ રમી હતી. ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઇનલમાં ન્યૂઝીલેન્ડે ભારત સામે જીત મેળવી હતી. તમને જણાવી દઈએ કે કેપ્ટન તરીકે સૌથી વધુ વખત ICC ફાઈનલ રમવાનો રેકોર્ડ ધોની અને રિકી પોન્ટિંગના નામે છે. બંનેએ ચાર વખત આવું કર્યું.

આજે રોહિત પાસે ભારતીય ટીમનો ટ્રોફીને જીતવાની શાનદાર તક છે. ધોનીની કપ્તાનીમાં ભારતે 2013માં છેલ્લું ICC ટાઇટલ જીત્યું હતું. ત્યારબાદ ભારતે ICC ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં ઈંગ્લેન્ડને હરાવ્યું હતું. ત્યારથી, ભારત ઘણી વખત સેમિફાઇનલ અને ફાઇનલમાં જગ્યા બનાવી ચૂક્યું છે પરંતુ ટ્રોફી જીતવામાં સફળ રહ્યું નથી.

**દક્ષિણ આફ્રિકા પ્રથમ T20 વર્લ્ડકપની ફાઇનલમાં રમશે; ICC ટૂર્નામેન્ટની ફાઇનલમાં ત્રીજો કેપ્ટન બનશે રાહિત શર્મા; આ રેકોર્ડ અત્યાર સુધી એમએસ ધોનીના નામે**

# મિતાલી રાજ બાદ બેવડી સદી નોંધાવનાર શેફાલી વર્મા બીજી ભારતીય ખેલાડી બની

સાઉથ આફ્રિકન વિમેન્સ ક્રિકેટ ટીમ સામે રમાતી એકમાત્ર ટેસ્ટ મેચના પ્રથમ દિવસે શુક્રવારે ભારતીય ટીમે વિવિધ રેકોર્ડ નોંધાવ્યા હતા. ઓપનર શેફાલી વર્માએ આક્રમક બેટિંગ કરીને પોતાની ટેસ્ટ કારકિર્દીની પ્રથમ બેવડી સદી ફટકારી હતી.

મિતાલી રાજ બાદ બેવડી સદી નોંધાવનાર તે બીજી ભારતીય ખેલાડી બની છે. શેફાલીએ એનાબેલ સધરલેન્ડની ફાસ્ટેસ્ટ સદીનો રેકોર્ડ પણ તોડયો હતો. ભારતે પ્રથમ દિવસના અંતે ચાર વિકેટ 525 રન બનાવ્યા હતા. સ્ટમ્પના સમયે સુકાની હરમનપ્રીત 42 તથા રિચા ઘોષ 43 રન બનાવીને રમી રહી હતી. રોડ્રિગ્ઝે 55 તથા શુભા સતીશે 15 રનનું યોગદાન આપ્યું હતું. શેફાલીએ 194 બોલમાં બેવડી સદી પૂરી કરી હતી. તેણે આઠ સિક્સર અને 23 બાઉન્ડ્રી વડે 197 બોલમાં કુલ 205 રન બનાવ્યા હતા. તેણે સધરલેન્ડનો રેકોર્ડ બ્રેક કર્યો હતો જેણે ચાલુ વર્ષે જ સા. આફ્રિકા સામે 248 બોલમાં બેવડી સદી નોંધાવી હતી.



ઓપનર શેફાલી અને સ્મૃતિ મંધાનાએ પ્રથમ વિકેટ માટે 312 બોલમાં 292 રનની ભાગીદારી નોંધાવી હતી જે વિમેન્સ ટેસ્ટ ક્રિકેટમાં પ્રથમ વિકેટ માટે સૌથી મોટી પાર્ટનરશિપ બની છે. શેફાલી અને મંધાનાએ 2021માં બ્રિસ્ટોલ ખાતે ઈંગ્લેન્ડ સામે નોંધાવેલી 167 રનની બેસ્ટ ભાગીદારીનો રેકોર્ડ પણ તોડયો હતો. બંને કોઇ પણ વિકેટ માટે ભારતની બેસ્ટ ભાગીદારીનો રેકોર્ડ પણ તોડયો હતો.

શેફાલી અને મંધાનાએ પ્રથમ વિકેટ માટે 292 રનની ભાગીદારી નોંધાવી હતી. 90 વર્ષના વિમેન્સ ટેસ્ટ ક્રિકેટના ઇતિહાસમાં કોઇ ઓપનિંગ જોડીએ 250 પ્લસની ભાગીદારી નોંધાવી હોય તેવું પ્રથમ વખત બન્યું છે. શાનદાર ફોર્મમાં રહેલી મંધાનાએ છેલ્લી પાંચ મેચમાં ચોથી સદી ફટકારી છે. સાઉથ આફ્રિકા સામેની વન-ડે શ્રેણીમાં બે સદી ફટકારી ચૂકેલી મંધાનાએ ટેસ્ટ મેચના પ્રથમ દિવસે 161 બોલમાં 27 બાઉન્ડ્રી અને એક સિક્સર વડે 149 રન બનાવીને આઉટ થઇ હતી.

# રોહિત, કોહલી માટે 'ફાઇનલ કાઉન્ટ-ડાઉન', આજે સંભવિત છેલ્લી ઈન્ટરનેશનલ ટી20 રમશે

ભારતીય ક્રિકેટનો પ્રત્યેક સમર્થક શનિવારે બાર્બાડોસ ખાતે ટી20 વર્લ્ડ કપની ફાઈનલ બાદ સુકાની રોહિત શર્મા અને વિરાટ કોહલીની આંખો આંસુઓથી ભરાયેલી જોવા માગશે નહીં. આ સ્થિતિ સાત મહિના અને 10 દિવસ પહેલાં વન-ડે વર્લ્ડ કપની ફાઈનલ બાદ જોવા મળી હતી.

પ્રત્યેક સમર્થક બંને મહાન ખેલાડીઓની સાથે મી. આધારભૂત તરીકે જાણીતા બનેલા કોચ રાહુલ દ્રવિડને રમતની સૌથી નાની ફોર્મેટમાંથી વિજયી વિદાય આપવા માગશે. બંને ખેલાડીઓ ફાઈનલ દરમિયાન ભારતીય જર્સીમાં પોતાની છેલ્લી ટી20 ઈન્ટરનેશનલ મેચ રમે તેવી પૂરી સંભાવના છે. પસંદગીકારો હવે રોહિત, કોહલી અને જાડેજાને ટી20 ફોર્મેટમાં વધારે તક આપશે નહીં તે નિશ્ચિત છે. આગામી મહિને ઝિમ્બાબ્વે સામેની શ્રેણીથી ભારત 2026ના ટી20 વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને એક નવી શરૂઆત કરવા માગશે. માનવામાં આવી રહ્યું છે



**ટી20 વર્લ્ડ કપ બાદ બંને સૌથી નાની ફોર્મેટમાંથી નિવૃત્તિ લઇ શકે છે; બંને ખેલાડીઓ ફાઇનલ દરમિયાન ભારતીય જર્સીમાં પોતાની છેલ્લી ટી20 ઇન્ટરનેશનલ મેચ રમે તેવી સંભાવના; ભારત 2026માં ટી20 વર્લ્ડ કપની યજમાની કરશે ત્યારે રોહિત 39, કોહલી 38 વર્ષના થઇ જશે**

કે આઈપીએલ 2024 દરમિયાન RCBની મેચ અમદાવાદમાં હતી ત્યારે બોર્ડના સેક્રેટરી અને કોહલી વચ્ચે બંધબારણે લગભગ 30 મિનિટ જેટલી ચર્ચાવિચારણા થઈ હતી અને તે સમયે કોહલીને તેની ટી20 કારકિર્દી વર્લ્ડ કપ બાદ પૂરી થશે તેવો સંકેત પણ અપાયો હોય તેવી સંભાવના છે.

ભારત 2026માં ટી20 વર્લ્ડ કપની યજમાની કરશે ત્યારે રોહિત 39, કોહલી 38 વર્ષના થઈ જશે. ફાઈનલ પહેલાં કોઈ પણ આ બાબતની ચર્ચા કરતું નથી પરંતુ માનવામાં બંને ખેલાડીઓ નજીકના સમયમાં ટી20માથી નિવૃત્તિની જાહેરાત કરશે નહીં અને આઈપીએલનો હિસ્સો બની રહેશે.

2024ના ટી20 વર્લ્ડ કપને શ્રીલંકાએ જીત્યા બાદ કુમાર સંગાકારા અને મહેલા જયવર્દનેએ ટી20માંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી તેવી રોહિત કે કોહલી કરશે કે નહીં તેની અટકળ કરવી મુશ્કેલ છે.

હેડ કોચ તરીકે શનિવારે છેલ્લી વખત ટીમ સાથે રહેનાર રાહુલ દ્રવિડે વિરાટ કોહલીના પ્રદર્શન અંગે જણાવ્યું હતું કે તે આક્રમકતા સાથે જોખમવાળું ક્રિકેટ રમે છે અને ઘણી વખત તે સફળ રહેતો નથી. તે મોટી ઈનિંગનો હકદાર છે જે ફાઈનલમાં સાઉથ આફ્રિકા સામે તમને જોવા મળી શકે છે. પ્લેયર્સ તથા સમર્થકોએ રિલેક્સ રહેવાની જરૂર છે. જે મોમેન્ટ છે તેને તેમાં જ રહેવા દો, વધારે આગળનું વિચારવાની જરૂર નથી. માત્ર રણનીતિનો અમલ કરવાની જરૂર છે. ફાઈનલના દિવસે સારું ક્રિકેટ રમવાની જરૂર છે અને સફળતા આપોઆપ મળશે. સાઉથ આફ્રિકન ટીમ પણ શાનદાર છે. ટીમ રમતનો આનંદ માણે તેવું હું ઈચ્છું છું.

# જુદા જુદા યોગાસનથી ફાયદો થાય છે



વિશ્વમાં યોગની બોલબાલા હવે સતત વધી રહી છે. યોગ સાથે જોડાયેલા નિષ્ણાંતો અને યોગ મામલે સંસ્થાઓ ચલાવનાર લોકોનુ કહેવુ છે કે યોગ મારફતે તમામ પ્રકારની બિમારીને રોકવામાં મદદ મળી શકે છે. સાથે સાથે શરીરને વધારે ફિટ અને સ્વસ્થ રાખી શકાય છે. યોગ મારફતે શરીરના જુદા જુદા હિસ્સાને વધારે ફિટ રાખી શકાય છે. જેમાં હાર્ટનો સમાવેશ થાય છે. નિયમિત રીતે યોગાસન કરવાથી શરીર ઉર્જાવાન રહે છે. નિયમિત રીતે યોગ કરવાથી શરીર ગરમ રહે છે. સરદી ઉધરસ, વાયરલ તાવજેવી બિમારીથી યોગ બચાવી શકે છે. યોગના નિયમિત અભ્યાસથી આ તમામ બિમારીને દુર રાખી શકાય છે. યોગના કારણે રોગ પ્રતિકારક ક્ષમતામાં વધારો થાય છે. ધનુરાસન, ત્રિકોણાસન સહિતના કેટલાક સારા યોગ ફાયદાકારક સાબિત થાય છે. ધનુરાસન કરવાથી પેટની તમામ તકલીફ દુર થાય છે. આના કારણે પગ, હાથ પગ અને અન્ય શરીરમાં ફાયદા થાય છે. માંસપેશિ મજબુત બને છે. ડાયાબિટીસ, પીઠામાં પિડા, કમરમાં દુખાવો અને અસ્થમામાં ફાયદો થાય છે. થાઇરોઇડમાં પણ આરામ મળે છે. ત્રિકોણાસનના કેટલાક ફાયદા રહેલા છે. આમાં પાચનતંત્ર મજબુત થાય છે. ટેન્સન ઘટે છે. પીઠમાં જે દુખાવો રહે તેનાથી ફાયદો મળે છે. એસિડીટીમાં પણ આ યોગાસનથી આરામ મળે છે. ભાજપના વરિષ્ઠ નેતા અને મોદી સરકારમાં અગાઉ પ્રધાન રહી ચુકેલા રાજ્યવર્ધન સિંહ રાઠોડે વારંવાર કહ્યુ છે કે યોગ અને કસરતને લોકો તેમની લાઇફના એક હિસ્સા તરીકે બનાવે તે જરૂરી છે. યોગના કારણે તમામ માનસિક અને શારરિક તકલીફોને દુર કરી શકાય છે. રાજ્યવર્ધન સિંહ રાઠોડ કહે છે કે આધુનિક સમયમાં નાની વયમાં પણ લોકોમાં હાર્ટ સંબંધિત તકલીફ થઇ રહી છે ત્યારે યોગ આમાં પણ રાહત આપી શકે છે. યોગથી શારરિક, માનસિક, અને મનૌવૈજ્ઞાનિક રાહત મળી શકે છે. પ્રેગ્નેન્સી દરમિયાન મહિલાની મન સ્થિતીમાં થનાર ઉતારચઢાવને રોકવામાં પણ તે સહાયક છે. મહિલાના શારરિક રીતે સ્વસ્થ અને ભાવનાત્મક રીતે મજબુત રહેવાની બાબત બાળકના વિકાસ પર સીધી અસર કરે છે. ગર્ભાવસ્થા દરમિયાન યોગ કરવાથી ફાયદો થાય છે. ગર્ભાવસ્થા દરમિયાન પ્રસવ પૂર્વ યગ ઉપયોગી બને છે. આ યોગ કરવાથી સગર્ભા મહિલાઓની મનની સ્થિતી શાંત રહે છે. પ્રસવ પૂર્વ યોગ નિષ્ણાંતો અને તબીબો વારંવાર આ બાબત પર ભાર મુકી રહ્યા છે કે કેટલીક હળવી કસરત અને યોગ આદર્શ સાબિત થઇ શકે છે. યોગ ગર્ભાવસ્થાની સમસ્યાઓથી છુટકારો અપાવે છે. મહિલાઓને સગર્ભા વસ્થા દરમિયાન કોણ આસન, વીરભદ્ર આસન જેવા કેટલાક ઉપયોગી આસન કરવા જોઇએ. યોગ નિદ્રા આસન પણ ઉપયોગી સાબિત થાય છે. શરીરના જુદા જુદા હિસ્સાને સ્વસ્થ રાખવામાં યોગ ઉપયોગી સાબિત થઇ રહ્યા છે. યોદના જુદા જુદા આસનને યોગ્ય રીતે કરવામાં આવે તે પણ ખુબ જરૂરી છે. કારણ કે યોગ્ય રીતે યોગ કરવાથી તેનો ફાયદો મળે છે. યોગના કોઇ પણ આસનને યોગ્ય રીતે નહીં કરવાની સ્થિતીમાં લાભના બદલે નુકસાન થઇ શકે છે. સૌથી પહેલા સુર્યનમસ્કાર સાથે આની શરૂઆત કરવામાં આવે તે જરૂરી છે. ટેન્શનને દુર કરવામાં સુર્યનમસ્કારની ભૂમિકા રહેલી છે. કમરમાં દુખાવો અને ઓછી ઉંઘની સ્થિતી માટે પણ યોગ્ય રહેલા છે. સાઇટિકાની પિડા આજકાલન લાઇફસ્ટાઇલમાં સામાન્ય બાબત બની ગઇ છે. સાઇટિકાની પિડાથી છુટકારો મેળવી લેવા માટે દવાના બદલે યોગનો સહારો લઇ શકાય છે. યોગની લોકપ્રિયતા ભારતની સાથે સાથે દુનિયામાં હવે વધી રહી છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા ડિસેમ્બર ૨૦૧૪માં ૨૧ જૂનના દિવસને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે મનાવવાની જાહેરાત કરી હતી. ૪૦ ઈસ્લામિક દેશો સહિત ૧૯૦થી વધુ દેશોએ યોગ માટે એક ખાસ દિવસ રાખવાની પહેલનું સમર્થન કર્યું હતું. ત્યારબાદ પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી ૨૧મી જૂન ૨૦૧૫ના દિવસે કરવામાં આવી હતી. યોગનો હવે દુનિયામાં ક્રેઝ છે. ભારતમાં તો યોગ કરનાર લોકોની સંખ્યા સતત વધી રહી છે. કેટલાક લોકો યોગને પ્રોફેશન તરીકે પણ અપનાવીને પોતાની આવક મેળવી રહ્યા છે.



## યુરોપે લીધો ખતરનાક રાઈટ ટર્ન

# ફ્રાન્સના પ્રમુખ મેક્રોન અને નેશનલ રેલી પાર્ટીનાં નેતા મેરિન લે પેન વચ્ચે રસાકસી

તાજેતરમાં યોજાયેલી યુરોપિયન યુનિયનની ચૂંટણીમાં આશ્ચર્યજનક અને આઘાતજનક પરિણામો આવ્યાં છે. અતિ જમણેરી અને લોકરંજક નીતિના હિમાયતી પક્ષોએ યુરોપની સંસદની ચૂંટણીમાં શાનદાર દેખાવ કર્યો છે. આ દેખાવને લીધે હાલના અનેક યુરોપિયન શાસકોના સિંહાસન ડોલવા માંડ્યાં છે. જમણેરી પક્ષો ફ્રાન્સ, ઈટલી અને બીજા ત્રણ દેશમાં મોખરે રહ્યા છે. સંસદની પા ભાગની બેઠક જમણેરી પક્ષોએ જીતી લીધી છે. જમણેરી પક્ષો સેન્ટર રાઈટ પાર્ટીથી થોડા જ પાછળ રહ્યા છે.

યુરોપ બે વર્ષથી ચાલતા યુક્રેન અને રશિયાના યુદ્ધનાં માઠાં પરિણામો ભોગવી રહ્યું છે ત્યારે યુરોપને માથે અનેક ભયનાં વાદળો ઘેરાઈ રહ્યાં છે. અમેરિકામાં આ વર્ષે પ્રમુખપદની ચૂંટણી છે અને આમાં બે વયોવૃદ્ધ જો બાઈડેન અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે સીધો મુકાબલો થાય એવી સંભાવના છે. ટ્રમ્પ સામે અમુક કાનૂની અડચણ છે, પરંતુ જો તેઓ આમાંથી બહાર નીકળી જાય તો આ જંગ થશે. જો ટ્રમ્પ બાઈડેનને હરાવી દેશે તો તરંગી અને મનસ્વી ટ્રમ્પ યુક્રેનને સહાય આપવાનું બંધ કરી દેશે અને આના વિપરીત પરિણામો યુરોપને ભોગવવા પડશે. નાટોના દેશોને રશિયાનું મોટું જોખમ ઊભું થશે. યુરોપનું જીવન ધોરણ સ્થિર થઈ ગયું છે અને કલ્યાણકારી યોજનાઓ પર દબાણ અને તાણ આવી રહ્યા છે. હવામાન આકરું થતું જાય છે. આ બધું અધૂરું હોય તો હવે અતિ રાષ્ટ્રવાદીનો નવો પડકાર ઊભો થયો છે. જમણેરી પક્ષો રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન તરફ સહાનુભૂતિ ધરાવે છે. આ પક્ષો ગ્લોબલ વૉર્મિંગ રોકવાની નીતિનો વિરોધ કરે છે. આ પક્ષો હીજરતીઓ અને યુરોપિયન સંસ્થાઓના વિરોધી છે. આથી યુરોપીયન તરફી પક્ષો પાસે જમણેરીનો સામનો કરવા ત્રણ વિકલ્પ છે. એક, આત્મસંતુષ્ટ રહેવું, બે, સહકાર અને અંતમાં પ્રતિહુમલો.. ઘણા યુરોપિયનો માને છે કે યુરોપિયન યુનિયનની ચૂંટણી નગણ્ય અને અપ્રસ્તુત છે. મતદાન રાષ્ટ્રીય ચૂંટણી કરતાં ઓછું થયું હતું અને અનેક લોકોએ સરકાર ચલાવતા પક્ષો સામે પ્રોટેસ્ટ વોટ આપ્યા હતા.

અલબત્ત એ હકીકત છે કે ઈયુતરફી પક્ષો નવી સંસદમાં બહુમતી ધરાવે છે. યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેનની આગેવાની હેઠળ યુરોપિયન યુનિયન તરફી પક્ષોએ બહુમતી મેળવી છે. બીજી બાજુ અતિ જમણેરી પક્ષો વિભાજિત છે. તેમના બે હરીફ સંસદીય જૂથો છે. તેમની વચ્ચે યુક્રન યુદ્ધ. આર્થિક નીતિ અને તૃતીય પંથીના હક્કો અંગે મતભેદો છે. વોન ડેર ફરી ચેરમેન બનશે.

જર્મનીમાં ખતરાની ઘંટી વાગી છે. રશિયા અને ચીન સાથે નાતો ધરાવતી અને નવા નાઝીવાદ ઝુકાવ ધરાવતી ઓલ્ટરનેટીવ ફોર ડ્યુસલેન્ડ બીજી આવી છે. ચાન્સેલર ઓળફ સ્થોલ્ઝની સોશિયલ ડેમોક્રેટ ત્રીજા નંબરે આવી છે.

ફ્રાન્સમાં નેશનલ રેલીએ ૩૨ ટકા મત મેળવ્યા છે જે ફ્રાન્સના પ્રમુખ મેક્રોન કરતાં બમણા છે. મેક્રોનને અપમાનજનક હાર મળતા તેમણે પ્રતિઆક્રમણ કર્યું છે. તેમણ સંસદને બરખાસ્ત કરીને નવી ચૂંટણીની જાહેરાત કરી છે. આ એક મોટો જુગાર છે. મેક્રોન તરફની મતદાતાઓની નારાજગીને લીધે ફ્રાન્સમાં જમણેરી વડા પ્રધાન ચૂંટાઈ શકે. જો એમ થશે તો મેક્રોનને પ્રમુખ તરીકેના ત્રણ વર્ષ લાચારીથી કાઢવા પડશે. મેક્રોન ઉદામવાદી જમણેરી પક્ષ નેશનલ રેલીને કાબૂમાં રાખવા ડાબેરી અને જમણેરી પક્ષોનું ગઠબંધન કરશે. જો નેશનલ રેલી જીતશે તો તેના નેતા મેરિન લા પેન માટે ધર્મસંકટ સર્જાશે. તેમણે નક્કી કરવું પડશે કે તેમને વડા પ્રધાન બનવું છે કે ૨૦૨૭માં પ્રમુખ બનવું છે. મેરિન લા પેનના નેતૃત્વ હેઠળ પક્ષે હરણફાળ ભરી છે. મેરિન તેમના પિતા જીન મેરિનની વિચારસરણીથી પોતાને અલગ કરીને મુખ્ય પ્રવાહમાં જોડાયા છે. આનો લાભ તેમને અને તેમના પક્ષને થયો છે. એક સર્વે પ્રમાણે ૪૫ ટકા માને છે કે આરએન લોકશાહી માટે ખતરો નથી. મેરિનનો વોટ શેર ૩૪ ટકાથી વધીને ૨૦૨૨માં ૪૧ ટકા થયો છે.

બેલ્જિયમના વડા પ્રધાન એલેકઝાન્ડર ડે કૂને તો રાજીનામું આપવું પડ્યું છે. તેમની ફલેમિશ લીબરલ એન્ડ ડેમોક્રેટ્સ પાર્ટીનો યુરોપિયન સંસદીય ચૂંટણીમાં પરાજય થયો. ફલેમિશ નેશનાલિસ્ટ પાર્ટીનો આમાં વિજય થયો હતો. ઈંગ્લેન્ડમાં સત્તાપલટો થાય એવા એંધાણ છે. બ્રિટન તો યુરોપિયન યુનિયનમાંથી ખસી ગયું છે પરંતુ તેના વડા પ્રધાન રિશી સુનક પણ મુસીબતમાં છે. તેઓ સત્તા ગુમાવે એવા અણસાર મળી રહ્યા છે.

## યુરોપિયન યુનિયન શું છે?

યુરોપિયન યુનિયનમાં ૨૭ સભ્યદેશોનો સમાવેશ થાય છે. આની સંસદમાં કુલ ૭૨૦ સભ્યો છે. ઈયુ એ સુપરનેશનલ એન્ટિટી છે. આના સભ્યદેશો પોતાનું સાર્વભૌમત્વ આંશિક રીતે જતું કરીને સહિયારી તાકાત અને વૈશ્ર્વિક વગ ઈયુને આપે છે. આની મુખ્ય સંસ્થાઓ યુરોપિયન સંસદ અને કાઉન્સિલ ઓફ ઈયુ અને યુરોપિયન કમિશન છે. ૨૭ સભ્યદેશો યુરોપિયન સંસદના સભ્યોને સીધા ચૂંટે છે. ૭૨૦ બેઠકની ફાળવણી નોખી રીતે થાય છે. જે દેશ નાના અને ઓછી વસ્તી ધરાવતા હોય એને વધારે બેઠકો મળે છે. યુરોપિયન સંસદના ત્રણ મોટાં કાર્યો છે. પ્રથમ તો તે ઈયુની પરિષદ સાથે ઈયુના કાયદા ઘડે છે અને તેમાં સુધારો કરે છે. બે, તે ઈયુની બધી સંસ્થાઓ પર દેખરેખ રાખે છે. ત્રણ, સંસદ પાસે ઈયુના બજેટ અને નાણાંની ફાળવણીની સત્તા છે. ઈયુ પાસે આંતરરાષ્ટ્રીય કરારો કરવાની પણ સત્તા છે. નવી સંસદ ઋતુ પરિવર્તન, માઈગ્રેશન અને ગ્રીન સંધિ અને યુક્રેનને ટેકા અંગે નિર્ણય લેશે. તે ચીન, રશિયા અને મિડલ ઈસ્ટની નીતિ પણ ઘડશે. તેની મુદત પાંચ વર્ષની હોય છે.

# દરરોજ બે ઇંડા ખાવાથી નુકસાન

## ઇંડા પ્રેમી લોકોને સાવધાન થઇ જવાની ચોક્કસપણે જરૂર છે કારણ કે...



જો તમે ઇંડા પ્રેમી છો તો આપના માટે ખરાબ સમાચાર છે. કારણ કે હાલમાં કરવામાં આવેલા વ્યાપક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જો તમે દિવસમાં બે ઇંડા ખાઇ રહ્યા છો તો તે જીવલેણ બની શકે છે. આ નવા અભ્યાસમાં વૈજ્ઞાનિકોએ કહ્યુ છે કે જો કોઇ વ્યક્તિ દિવસમાં બે અથવા તો વધારે ઇંડા ખાય છે તો તેના માટે હાર્ટ સંબંધિત રોગનો ખતરો વધારે છે. સાથે સાથે હાર્ટ સંબંધિત રોગોના કારણે મોતનો ખતરો વધારે છે. ૩૦ હજારથી વધારે લોકોને આવરી લઇને કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. એક વર્ષના ગાળા સુધી ૩૦ હજાર લોકોની તબિયત અને ડાયટ પર ધ્યાન રાખીને માહિતી એકત્રિત કરવામાં આવી હતી. તેમના આરોગ્ય અને ડાયટ પર ખાસ નજર રાખવામા આવી હતી. સાથે સાથે તેમની લાઇફસ્ટાઇલ કેવા પ્રકારની છે તે બાબતની પણ નોંધ લેવામાં આવી હતી. અમેરિકામાં વૈજ્ઞાનિકો એક વર્ષ સુધી સતત અભ્યાસ કરતા રહ્યા હતા. અભ્યાસમાં કહેવામાં આવ્યુ છે કે ઇંડામાં જે કોલેસ્ટ્રોલ છે તે વધારે પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે તો આરોગ્ય પર માઠી અસર થાય છે. વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે એક ઇંડામાં ૨૦૦ મિલિગ્રામ સુધી કોલેસ્ટ્રોલ હોય છે. આવી સ્થિતીમાં જો દરરોજ ૩૦૦ મિલિગ્રામથી વધારે ઉપયોગ કરવામાં આવે તો હાર્ટ સંબંધિત બિમારી વધારે થવાનો ખતરો છે. સમય કરતા પહેલા મોતનો ખતરો ૧૮ ટકા સુધી વધી જાય છે. જાણકાર લોકો કહે છે કે બે ઇંડાથી વધારેનો ઉપયોગ દરરોજ કરવાથી બચવવાના પ્રયાસ કરવા જોઇએ. અગાઉ કરવામાં આવેલા અભ્યાસ કરતા બિલકુલ અલગ તારણ હવે જારી કરવામાં આવ્યા છે.અગાઉના અભ્યાસમાં અમેરિકામાં કહેવામાં આવ્યુ હતુ કે ઈંડા આરોગ્ય માટે ખૂબ ફાયદાકારક છે. અગાઉના અભ્યાસમાં કહેવામાં આવ્યુ હતુ કે હાર્ટ માટે ઈંડા આદર્શ છે. અમેરિકાનાં ઈંડા સાથે સંબંધિત નિષ્ણાંત ડૉ. ડોન મેકનામારાએ ભારપૂર્વક કહ્યું છે કે, ઈંડાને લઈને લોકોમાં ઘણી ખોટી માન્યતાઓ પ્રવર્તે છે. ઈંડા ખતરનાક છે તેવું તારણ ઘણાં અભ્યાસમાં આપવામાં આવી ચૂક્યું છે પરંતુ હવે ઈંડા હાર્ટ માટે આદર્શ હોવાની વાત કરવામાં આવી છે. હાર્ટ ફાઉન્ડેશને પણ પોતાની પ્રતિક્રિયા અગાઉ આપી હતી. એક સપ્તાહમાં છ ઈંડા અગાઉ ખાવા જોઈએ તેવી સલાહ આપવામાં આવી હતી. વરિષ્ઠ લોકો ઈંડા ખાતા ભય અનુભવે છે કારણ કે ૪૦થી વધુની વયમાં ડાયટ અને કોલેસ્ટેરોલને લઈને મોટી વયનાં લોકો ચિંતિત રહે છે પરંતુ અમેરિકાનાં આ નિષ્ણાંતે કહ્યું છે કે, નવા સંશોધનમાં જાણવા મળ્યું છે કે, તમારી ખાવાની ચીજ-વસ્તુઓમાંક કોલેસ્ટેરોલ હાર્ટની તકલીફ માટે જોખમમાં ઉમેરો કરતાં નથી. ઈંડામાં ઘણાં મહત્વપૂર્ણ ઘટક તત્વો રહેલાં છે. ઈંડામાં લુટીન નામનું તત્વ રહે છે જે શરીરમાં ઘણી ખામીઓને દૂર કરે છે. અમેરિકાનાં આ નિષ્ણાંતે કહ્યું છે કે, બ્રેકફાસ્ટમાં ઈંડાનો ઉપયોગ કરનાર લોકો વધુ સ્વસ્થ અને વધુ લાંબુ આયુષ્ય ધરાવે છે, આવા લોકોમાં બપોરનાં ભોજનમાં જમવાનો ખતરો પણ રહેતો નથી. તેમનું કહેવું છે કે, ઈંડામાં સર્વોચ્ચ ક્વૉલિટીનાં પ્રોટીનનાં તત્વો રહે છે તેમાં દરેક પ્રકારનાં વિટામિન અને ખનીજ તત્વો રહેલાં છે. ઈંડા ખાનાર લોકોને માત્ર વિટામિન-સીની જરૂર રહે છે. આ વર્ષની શરૂઆતમાં હાર્ટ ફાઉન્ડેશન દ્વારા સર્વેની કામગીરી હાથ ધરાઈ હતી જેમાં પોતાની માર્ગદર્શિકામાં સુધારા કર્યા હતાં અને એક સપ્તાહમાં છ ઈંડા ખાવાની સલાહ આપવામાં આવી હતી.ઈંડામાં રહેલા પોષક તત્વોને લઈને જુદા જુદા તારણ સપાટી પર આવી રહ્યા છે. હવે ઈંડાથી નુકસાન થાય છે તે બાબત સપાટી પર આવી છે. દરરોજ બે ઈંડા ખાવાથી નુકસાન થાય છે. અભ્યાસના તારણ સાથે કેટલાક લોકો હજુ પણ સહમત નથી. તેમનુ કહેવુ છે કે અભ્યાસમાં ઈંડાથી નુકસાન થાય છે તે અંગે કોઇ નક્કર કારણ આપવામાં આવ્યા નથી.

# ચાર હોઠ મૌન રહીને પ્રેમની વાત કરે



ચુંબન માત્ર જાતીય સંબંધની પૂર્તિ નથી કરતું. બાઈબલના સમયમાં મિત્રો અને સગાસંબંધીઓ પ્રગાઢ ચુંબન સાથે આલિંગન આપે એ સામાન્ય ગણાતું હતું. ધ બુક ઓફ જેનેસિસ કહે છે કે ઈસાએ જેકબને આલિંગન આપીને ચુંબન કર્યું. સોલોમનનાં પદ્યોમાં ઉલ્લેખ છે કે ''એમને અહીં આવવાદો, મને ચુંબનોથી નવાજવા દો. આજે પણ મધ્યપૂર્વના રાજકીય નેતાઓ એકમેકને મળે ત્યારે ભેટીને એકમેકના ગાલને ચૂમી લેતા હોય એવાં દ્દશ્યો ટેલિવિઝનના સમાચારોમાં આપણને હંમેશાં જોવા મળતાં હોય છે. ખ્રિસ્તી ધર્મમાં ચુંબનનું સાંકેતિક મહત્ત્વ પણ ખૂબ જ છે. સેન્ટ પોલે રોમનમાં એવો આદેશ આપ્યો હતો કે ''એકબીજા મળો ત્યારે પવિત્ર ચુંબનથી એકમેકનું સ્વાગત કરો. આજે બે હજાર વરસ પછી પણ ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓ બિશપની વીટીને, પોપના હાથને અથવા તો સેન્ટની મૂર્તિને ચુંબન કરતા જોવા મળે છે. મુસ્લિમોમાં પણ વડીલ સ્ત્રીના હાથની પાછળની બાજુ ચૂમીને એમની ખેરિયત ચાહવામાં આવે છે. કેટલાંક ખ્રિસ્તી ચર્ચોની પ્રાર્થનામાં ભક્તો આપસમાં સાંકેતિક કે સાચા ચુંબનની આપ-લે કરે છે.

ધર્મમાં માનવજાતિએ ચુંબન ભલે દાખલ કર્યું પણ શારીરિક રીતે જોઇએ તો મુખસુખ એ બે પ્રેમીઓનો જ મહત્ત્વનો આનંદ ગણાતો આવ્યો છે. હોઠ સાથે હોઠ જોડીને ચુંબન તો માત્ર પ્રેમીઓ જ કરે. અમુક અપવાદો છે. દાખલા તરીકે યેમેન જેવા દેશમાં આજે પણ એક પુરુષ બીજા પુરુષના હોઠમાં હોઠ ઘાલીને ચુંબન આપે છે. પ્રાચીન ઈરાનમાં પણ આવી રીત હતી. છતાં પણ જાતીય સંબંધોથી આકર્ષાયેલા ન હોય તેવા કોઈ વ્યક્તિ વચ્ચે મુખથી મુખનું ચુંબન કોઈ દુનિયાના મોટા ભાગના સમાજમાં માન્ય નથી. આવી બાબતો વિશે લેખ લખવો કે વાંચવો તે પણ ઘણાને માન્ય હોતું નથી. ગણિકાઓ વિશે કહેવાય છે કે એની સાથેના શારીરિક સંબંધમાં વેપારનું તત્ત્વ વિશેષતઃ હોય છે. આથી વેપારી સંબંધોમાં લાગણીઓ વણી લેવામાં ગણિકાઓ પણ ક્ષોભ અનુભવે છે અને ગ્રાહકને મુખચુંબનનું સુખ આપતી નથી.

ચુંબનના ઈનકાર માટેનું બીજું કારણ રોગ લાગવાનો ડર હોય છે. સત્તરમી સદીના ઉત્તરાર્ધમાં યુરોપમાં પ્લેગ ફેલાયો ત્યારે લંડન, પેરિસ કે બર્લિનની ગણિકાઓને કોઈ ગ્રાહક ચુંબન કરી લે તો એ ઊબકા કરવા માંડતી અને ચુંબનના આદાનપ્રદાન માટે નર્વસ થઈ જવાનાં કેટલાંક કારણો પણ

છે. જંતુશાસ્ત્રી વિજ્ઞાનીઓનો અંદાજ છે કે ચુંબનની એક પ્રક્રિયા દરમિયાન ૨૫૦ જેટલા વિવિધ પ્રકારના બેક્ટેરિયા અને વાઈરસ એક મુખમાંથી બીજા મુખમાં પ્રવેશી શકે છે. નવ મિલિગ્રામ પાણી, ૦.૭૧૧ મિલિગ્રામ ચરબી, ૦.૭ ગ્રામ આલ્બ્યુમિન અને ૦.૧૮ ગ્રામ જેટલા અન્ય ઓર્ગેનિક મટિરિયલની આપ-લે થાય એ તો બોનસમાં.

અમેરિકા અને યુરોપમાં બોબી જેન્ટ્રીના એક ગીતને સકારણ જ ખૂબ જ લોકપ્રિયતા મળી હતી. 'આઇ વિલ નેવર ફોલ ઈન લવ અગેન' નામના આ ગીતના શબ્દોનો સાર છે : 'એક પુરુષને ચુંબન કર્યા પછી તમને શું મળે? એટલી જરૂરી માત્રામાં વિષાણુ મળે કે જેથી તમને ન્યુમોનિયા થાય અને ન્યુમોનિયા થાય તો? પેલો પુરુષ તમને ક્યારેય ફોન પણ નહી કરે. આથી હું ક્યારેય પ્રેમમાં નહી પડું.'

ઠીક છે, એ તો જેવી જેની મરજી. પણ એક વાત સત્ય છે કે ચુંબનની સાથે સામાન્ય શરદી-સળેખમ અને ક્ષય રોગ પણ ટ્રાન્સફર થાય છે. છતાં જેનો આજકાલ સર્વત્ર ડર છે તે એઈડ્સ (એચઆઈવી)નાં જંતુ ચુંબનથી ટ્રાન્સફર થતાં નથી. નિષ્ણાતો કહે છે કે હજુ સુધી ચુંબનથી કોઈને એઈડ્સનો રોગ લાગુ પડ્યો હોય એવો એક પણ કેસ અમારી જાણમાં નથી. એચઆઈવી વાઈરસનું સ્વરૂપ ખૂબ જ અસ્થિર છે. આથી જો એ થૂંકમાં હોય તો પણ થૂંકમાંનું એસિડ તેને ઓગાળી નાખે છે.

પાગલ પ્રેમીઓ માટે આ શુભ સમાચાર છે. એમ તો દરેક ચુંબનકર્તાઓના આરોગ્ય માટે સમાચાર શુભ જ છે અને તે એ કે ચુંબનથી આરોગ્ય પર ઘણી સારી અસર પડે છે. વીમા કંપનીઓએ કરેલા સંશોધન મુજબ લગ્નજીવન માણતા (ચુંબન સાથે) હોય તેવા લોકો કરતાં એકલું અપરિણીત જીવન ગાળતા લોકોનું લોહીનું દબાણ ઊંચું હોય છે. વળી એક અમેરિકન સંશોધન પ્રમાણે પતિ ઓફિસે રવાના થાય ત્યારે પત્ની એને એક મીઠું મજાનું ગુડબાય કિસ આપે તો એ વ્યક્તિ રસ્તામાં અકસ્માતનો ભોગ બનાવે અથવા પોતે ભોગ બને એવી શક્યતાઓ ઘટી જાય છે.

પેશનેટ કિસ વજન ઉતારવામાં પણ મદદરૂપ થાય છે. ગુજરાતી સ્ત્રીપુરુષોના વજન શા માટે વધારે હોય છે તે સમજાય છે? ચુંબનની ક્રિયામાં ચહેરાના ૩૯ સ્નાયુને કસરત મળે છે એ ઉપરાંત અત્યંત હૂંફાળા ચુંબનની ક્રિયામાં ૧૫૦ કેલેરી વપરાય છે. બીજા અર્થમાં કહીએ તો સરેરાશ વજન ધરાવતી વ્યક્તિએ આટલી કેલેરી બાળવી હોય તો સ્વિમિંગ પુલમાં પંદર મિનિટ ઢબઢબવું પડે અથવા માથા પર વીસ કિલોગ્રામ વજન લઈને એક ટેકરી ચડવી પડે. વાતનો સાર એ કે મૌખિક પ્રેમ કરવામાં પણ ઊર્જાનો વપરાશ થાય છે.

ચુંબન એ લેંગિક સંબંધોના પ્રારંભ માટેનું ગ્રીન સિગ્નલ ગણી શકાય. પણ આ વાત હંમેશાં સાચી નથી. ચુંબન એ કહી જાય છે કે બે વ્યક્તિના સંબંધ કયા સ્ટેજ પર છે. એક સ્ત્રી અને એક પુરુષ એક સાંજ સાથે ગાળે, ફિલ્મ જોવા જાય કે રેસ્ટોરાંમાં ડિનર લે પણ એકબીજાએ સંબંધનો મૌખિક રીતે એકરાર ન કર્યો હોય તો એકમેક માટે કેવી લાગણી અનુભવે છે તે જાણી શકે નહીં. છતાં જો ગુડનાઇટ કહીને એકબીજાને નાનકડી સ્મિત સાથેની બચી ભરે તો પણ બન્નેના હૃદયમાં એકમેક માટે લાગણી ધબકી છે એ જરૂર કહી શકાય. આમ, ચુંબન એ સેક્સના મેનિફેસ્ટો કરતાં પણ કંઈક વિશેષ છે. ચુંબનથી બીજી વ્યક્તિના ઈરાદા પણ જાણી શકાય છે. દાખલા તરીકે તમને કોઈ ધીરેથી માસૂમિયત ભર્યું ચુંબન આપે, અથવા તો તમારા હોઠ પર કે ગાલ પર પોતાના હોઠ સહેજ અડાડી લે તો સમજવું કે તમારી સાથે કાયમ માટેના રોમેન્ટિક સંબંધ જાળવી રાખવામાં રસ છે. વિશ યુ ઓલ ધ બેસ્ટ ! પણ સામે પક્ષે જો એ ફટાફટ અને આવેશમાં આવી જઈને મોટા મોટા બકા ભરવા માંડે તો સમજવું કે એ વ્યક્તિને તમારામાં એ ક્ષણ પૂરતો જ રસ છે. ગોડ સેવ યુ !

## તંત્રી લેખ...-

**શનિવાર, તા.૨૯ જૂન ૨૦૨૪**

# અર્થહીન હોબાળો

જીવનના દરેક ક્ષેત્રમાં સાહસની સાથે પ્રયોગશીલતા વધુ સફળતા આપે છે. ખેતી સાથે પશુપાલન અને ગૌ સંવર્ધન પણ આમાંથી બાકાત નથી. ખેતી-પશુપાલન સાથે સંકળાયેલ વ્યવસાયોમાં નવા પ્રયોગો કરનાર અવશ્ય સફળતા મેળવે છે. આવા જ એક ગૌપ્રેમી ઉદ્યોગ સાહસિક અંકુરભાઈ ધોળકીયાએ ગૌસંવર્ધન સાથે ગૌ જતનનું કાર્ય કરી આત્મનિર્ભર બનવા સાથે ગાય આધારિત ઉત્પાદનોથી યુવા ઉદ્યમીઓ માટે બન્યા પ્રેરણાસ્ત્રોત બન્યા છે. અંકુરભાઈએ 'સમર્પણ હર્બ્સ લાઈફ' સંસ્થા સ્થાપી છે, જેના નેજા હેઠળ ૨૫૦થી વધુ ગાયની ગૌ શાળા ચલાવે છે. તેઓ ગાયના દૂધ, છાણ અને ગૌમૂત્ર માંથી વિવિધ મૂલ્યવર્ધક અને ગુણવત્તાયુક્ત પેદાશ બનાવીને વેચાણ કરી વર્ષે દહાડે લાખ્ખો રૂપિયાની કમાણી કરે છે. શુદ્ધ અને સાત્વિક ગૌ પેદાશોના મૂલ્યવર્ધનની દિશામાં તેઓ ઝડપભેર આગળ વધી રહ્યા છે.

અનુસંધાન પાના ૭ પર

# ૭૦ ભૂલકાઓને બાળવાટીકામાં પ્રવેશ કરાવતા સંદિપભાઈ દેસાઈ

## મોરા, સુવાલી અને ઈચ્છાપોરની શાળાઓમાં પ્રવેશ ઉત્સવ

સુરત, તા.૨૯

રાજયભરમાં 'ઉજવણી.. ઉલ્લાસમય શિક્ષણની..' થીમ પર આયોજિત શાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણી મહોત્સવના અંતિમ દિવસે ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય સંદિપભાઈ દેસાઈએ ચોર્યાસી તાલુકાના મોરા, સુવાલી અને ઈચ્છાપોરની પ્રાથમિક શાળાઓમાં કુલ ૭૦ ભૂલકાઓને કુમકુમ તિલક, મોં મીઠું કરાવી ઉત્સાહભેર શાળા પ્રવેશ કરાવ્યો હતો. ધારાસભ્યશ્રીએ પ્રથમ વખત શાળાનું પગથિયું ચઢતા ભૂલકાઓને નોટબુક, સ્કુલબેગ, વૉટરબોટલ, રમકડા, ચોકલેટ સહિતની કીટ આપી પ્રોત્સાહિત કર્યા હતા. ચોર્યાસીના મોરા પ્રા.શાળામાં બાલવાટિકામાં ૩૪ અને ધો.૧ માં ૧૨ બાળકો, સુવાલી પ્રા.શાળામાં બાલવાટિકામાં ૧૪ અને ધો.૧ માં ૧, ઈચ્છાપોર-૨ પ્રા. શાળા નં.૩૯૭માં બાલવાટિકામાં ૮, અને ધો.૧ માં ૧ મળી કુલ ૭૦ બાળકોને ધારાસભ્યશ્રીએ શાળામાં પ્રવેશ સહ નામાંકન કરાવ્યું હતું.

અનુસંધાન પાના ૭ પર

# મોટીવેડ શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો



**અત્રેની મોટીવેડ શાળા ક્રમાંક -૧૮૬ માં નવા વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરી બાળકોને દફતર, સ્લેટ-પેન અને પુસ્તકો આપી કરવામાં આવી હતી. સદર કાર્યક્રમમાં વોર્ડ નં -૭ ના કોર્પોરેટરશ્રીઓ શ્રી જ્યોતિબેન પટેલ, શ્રી નરેન્દ્રભાઇ પાંડવ , પૂર્વ કોર્પોરેટર શ્રી સતિષભાઈ પટેલ , શાળાના માનદ્ શિક્ષક તથા પૂર્વ એસ. એમ. સી અધ્યક્ષ શ્રી ચંદ્રકાંતભાઈ કંથારિયાએ વિવિધ વિતરણ કર્યું હતું તથા તેજસ્વી તારલાંઓનું સન્માન કર્યું હતું.**

# પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ચેરમેન બારડે દ્વારા ૫૩૬ બાળકોનો શાળા પ્રવેશ

## ઉમરપાડા તાલુકામાં યોજાયેલો પ્રવેશ ઉત્સવ

સુરત, તા.૨૯

કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવના અંતિમ દિને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ચેરમેન આર.બી.બારડે ઉમરપાડા તાલુકાની ઉંચવાણ પ્રાથમિક શાળા, પીનપુર પ્રા.શાળા અને વનરાજ હાઈસ્કૂલ મળી ૫૩૬ બાળકોનું શાળા નામાંકન કરાવી પ્રવેશ અપાવ્યો હતો.



ચેરમેનશ્રી આર.બી.બારડે કહ્યું કે, આપણે દેશના સૌથી મોટા શાળાકીય શિક્ષણ શાળા પ્રવેશોત્સવની ઉજવણીના ભાગીદાર બન્યા છીએ. અટેન્ડન્સ, એસેસમેન્ટ, એક્રીડીટેશન અને એડમિનિસ્ટ્રેશન થકી બાળકોના શિક્ષણનું મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે. જેનાથી સો ટકા નામાંકનની નજીક અને ડ્રોપ આઉટ રેશિયોમાં નોંધપાત્ર ઘટાડો નોંધી શકાય છે. આ સાથે ચેરમેનશ્રીએ બાળકોને સ્વચ્છતા જાળવવા, શાળાએ નિયમિત આવવા, અભ્યાસમાં નિપૂર્ણ બનવા ટકોર કરી હતી. ગુજરાતમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના પરિણામે શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિ સર્જાય છે. ઉંચવાણ પ્રા.શાળા ખાતે આંગણવાડીમાં ૦૧, બાલવાટિકામાં ૨૯, ત્યારબાદ પીનપુર પ્રા. શાળામાં આંગણવાડીમાં ૦૧, બાલવાટિકામાં ૧૭ અને ધોરણ-૦૧માં ૦૧ બાળક તેમજ ઉમરપાડા

અનુસંધાન પાના ૭ પર

# નાયબ વન સચિવ દ્વારા ૧૨૩ બાળકોને શાળા પ્રવેશ કરાવાયો

## સરકૂઈમાં ૯૮ વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવ્યો

સુરત, તા.૨૯

''ઉજવણી ઉલ્લાસમય શિક્ષણની થીમ'' શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો પ્રારંભ થયો છે. જેના ભાગરૂપે વન અને પર્યાવરણ વિભાગના નાયબ સચિવ બી.એલ. ચૌધરીએ માંડવી તાલુકાની દાભડિયા પ્રા.શાળામાં ૧૪ અને દઢવાડા પ્રા. શાળામાં ૧૧, તાપી વન વિદ્યાલય-સરકૂઈમાં ૯૮ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાવ્યો હતો.આ પ્રસંગે નાયબ સચિવે જણાવ્યું કે, બાળકોને શિક્ષણ માટે પ્રોત્સાહન મળે માટે ગુજરાતમાં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩થી સમગ્ર રાજયમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. શાળા

અનુસંધાન પાના ૭ પર

# ડાંગ જિલ્લામાં સાર્વત્રિક વરસાદ સાપુતારામાં ગાઢ ધુમ્મસની ચાદર

## વન્ય પ્રદેશમાં વરસાદ પડતા અદ્‌ભૂત કુતરતી સૌંદર્ય



વઘઈ, તા.૨૯

ડાંગ જિલ્લામાં આજરોજ બપોર બાદ સમગ્ર વાતાવરણમાં પલટો આવતા જિલ્લામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર ડાંગ જિલ્લામાં બપોરના ગરમીના બફારા બાદ સાર્વત્રિક વરસાદ વરસી ગયો હતો. બપોરે ૧૨ થી ૨ કલાક દરમિયાન આહવા અને સુબીરમાં ૧ મીમી થી શરૂવાત થયા બાદ ૨ થી ૪ કલાક દરમિયાન સાપુતારામાં ૪ મીમી વરસાદ જયારે સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન આહવામાં ૪ મીમી, વઘઈમાં ૧૬ મીમી, સુબીરમાં ૪ મીમી અને સાપુતારામાં ૧૮ મીમી વરસાદ પડતા સોમવારે બપોરે ૧૨ વાગ્યા થી સાંજે ૪ વાગ્યા સુધી પુરા થતા ૬ કલાકમાં ડાંગ જિલ્લામાં આહવા અને સુબીર ૫ મીમી, વઘઈ ૧૬ મીમી ૦.૬ ઈંચ અને સાપુતારા ૨૨ મીમી ૦. ૯ ઈંચ વરસાદ નોંધાયો હતો જયારે ગિરિમથક સાપુતારામાં વરસાદ બાદ ધુમ્મસની ચાદર છવાઈ હતી. ધુમ્મસિયા વાતાવરણમાં પ્રવાસીઓએ ચોમાસા ઋતુની મઝા માણી હતી.

# પુરાવાના અભાવે ગ્રાહકની ફરિયાદ રદ કરતુ ગ્રાહક સુરક્ષા ફોરમ

## રૂટ કેનાલની ક્લેઇમ નકારી દેવાતા ગ્રાહકે પંચમાં ફરિયાદ કરી હતી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૯

અગાઉ થી ચાલતી આવતી રૂટ કૅનાલ સર્જરી ને એક્સિડેંટ નું રૂપ બતાવી વીમા નો ક્લેમ માંગતી ફરિયાદી ની ફરિયાદ ગ્રાહક કોર્ટે નકારી કાઢી હતી.

આ કેસની વિગત એવી છે કે સુરત ના ભટાર રોડ અટોપ નગર ના રહેવાશી પ્રશાંત રજનીકાંત ટેલરે ધી ન્યુ ઈન્ડિયા એશ્યોરેંસ કંપની પાસેથી રૂ. ૮,૦૦,૦૦૦/- ની મેડિકલેમ પોલિસી ઊતરેલ હતી. પોલિસી ના સમયગાડા દરમાયન ફરિયાદી ના પત્નીને દિતીક્ષાબેન અકસ્માત રીતે પડી જતાં મોઢા ના ભાગે ઈજાઓ થયેલી અંદ રૂટ કૅનાલ ની સારવાર પાછળ રૂ.૨,૨૯,૦૦૦/-નો ક્લેમ કરતાં વીમા કોંપનીએ આ ક્લેમ રેપુડિયેટ કરી દિધો હતો. જેનાથી નારાજ થઈ ફરિયાદિએ વીમા કંપની સામે સુરત ડિસ્ટ્રિક્ટ ગ્રાહક તકરાર નિવારણ કમિશન માં ફરિયાદ કરી હતી. ફરિયાદ ની નોટિસ વીમા કંપનીનીમે બજતા વીમા કંપની તરફે અડવોકેટ અમિત સબનાની હજાર થઈ દલીલો કરતાં જણાવ્યુ હતું કે વીમા કંપનીને આ ક્લેમ શંકાસ્પદ લગતા ઈન્વેસ્ટિગેશન કરાવતા એવું બહાર આવેલું કે ફરિયાદિએ કરાવેલ સારવાર તેમના ઇંટિમેશન માં જણાવેલ તારીક થી પહેલાજ શરૂ થઈ ગઈ હતી જેથી વીમા કોંપનીએ સદર ક્લેમ વીમા પોલિસી ના શરત “છેતરપિંડી” “ખોટી રજૂઆત” તથા “૨૪ કલાક હોસ્પિટલ માં દાખલ” હેથડ બરાબર અને યોગ્ય રીતે નામંજૂર કરેલ હોય, વીમા કંપની દ્વારા કોઈ સેવા માં ખામી ન હોય સદર ફરિયાદ નામંજૂર થાય તો ન્યાય તો હેતુ જડવાય.

બન્ને પક્ષકારો ની દલીલો સાંભળ્યા બાદ, નામદાર ગ્રાહક તકરાર નિવારણ કમિશન સુરતે ફરિયાદીની ફરિયાદ રદ કરતો હુકમ કરતાં જણાવ્યુ હતું કે ફરિયાદી દ્વારા રજૂ કરેલ કોઈ પણ પુરાવામાં સદર ટ્રીટમેન્ટ એક્સિડંટલ છે એવી નોંધ નથી પરંતુ ફક્ત દાંત માં દુખાવા ની નોંધ છે જેથી ફરિયાદી સદર ઈજાઓ એક્સિડંટલ છે તેવું પુરવાર કરવામાં અસફળ રહેલ હોય સદર ફરિયાદ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

# ડૉક્ટર્સ-ડે નિમિત્તે સુરતમાં ૨૬ સ્થળો પર રક્તદાન શિબિર

## કાલે ઈન્ડિયન મેડીકલ એસો. દ્વારા જુદા-જુદા સ્થળે યોજાશે રક્તદાન કેમ્પ

સુરત, તા.૨૯

ઈન્ડિયન મેડિકલ એસોસિએશન, સુરત સાથે સંલગ્ન સંસ્થાઓ રોટરી કલબ ઓફ સુરત રાઉન્ડટાઉન, ફેમિલી ફિઝિશ્યન્સ એસોસિએશન, ભટાર ઘોડદોડ ડૉકટર્સ કલબ, રાંદેર અડાજણ ડૉક્ટર્સ કલબ, સમપર્ણ એનજીઓ, માનવ-કલરવ, ઉંઘના મેડિકલ એસોસિએશન, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સુરત જિલ્લા, સુરત ઈએનટી હોસ્પિટલ અને રોટરી કલબ ઓફ સુરતના સહયોગથી ‘ડૉકટર્સ ડે’’ નિમિત્તે ૨૬ જેટલી જૂદી જૂદી જગ્યાએ તા. ૩૦-૦૬-૨૦૨૪, રવિવારના રોજ સવારે ૯:૦૦ થી ૧:૦૦ કલાક સુધી બ્લડ કેમ્પોનું આયોજન નીચે જણાવેલ સ્થળોએ કરેલ છે.

(૧) આકાંક્ષા ચિલ્ડ્રન હોસ્પિટલ, ડિંડોલી (૨) એપલ મૈત્રીય હોસ્પિટલ, ઉંઘના દરવાજા (૩) બેન્કર્સ હાર્ટ ઈન્સ્ટીટ્યુટ, પીપલોદ (૪) કિરણ હોસ્પિટલ, વસ્તાદેવડી રોડ (૫) લવ એન્ડ કેર હોસ્પિટલ (૬) મહાવીર ટ્રોમા હોસ્પિટલ, નાનપુરા (૭) મૈત્રીય હોસ્પિટલ, ઉંઘના મગદલ્લા રોડ (૮) મમતા હોસ્પિટલ, પાલનપોર કેનાલ રોડ (૯) મસ્કતી હોસ્પિટલ, ટાવર રોડ (૧૦) મેટાસ એડવેન્ટીસ્ટ હોસ્પિટલ, અઠવાલાઈન્સ (૧૧) મોદી કિલનીક, કામરેજ ચાર રસ્તા (૧૨) નિર્મલ હોસ્પિટલ, રીગરોડ (૧૩) સંજીવની મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ, વેસુ (૧૪) સત્વ હોસ્પિટલ, વેસુ કેનાલ રોડ (૧૫) સેન્થ હોસ્પિટલ રીંગ રોડ (૧૬) શેલ્બી હોસ્પિટલ, નવયુગ કોલેજ (૧૭) સનશાઈન ગ્લોબલ હોસ્પિટલ, ડુમસ રોડ (૧૮) શેઠ પી.ટી. જનરલ હોસ્પિટલ, એલ.પી. સવાણી રોડ (૧૯) તાપી હોસ્પિટલ, ચોકસીની વાડી (૨૦) ટુલીપ હોસ્પિટલ, ઘોડદોડ રોડ (૨૧) ઉંઘના હોસ્પિટલ પ્રા. લિ., ઉધના (૨૨) યુનાઈટેડ ગ્રીન હોસ્પિટલ, આનંદ મહલ રોડ (૨૩) યુનિટી હોસ્પિટલ, પર્વત પાટીયા (૨૪) યુનિક હોસ્પિટલ, સોસિયો સર્કલ (૨૫) યુનિવર્સલ હોસ્પિટલ, ખટોદરા (૨૬) વૃદંમ હોસ્પિટલ, પર્વત પાટીયા જાહેર જનતા વિનંતી છે કે ઉપર જણાવેલ કોઈપણ સ્થળ પર જઈ રક્તદાન કરી આ પુણ્ય કમાવો.

### બાલાલ

પહેલા પાનાનું ચાલુ

અમરનાથના દર્શન કરવા માટે બાલતાલ માર્ગ સૌથી યોગ્ય છે. તેમાં માત્ર ૧૪ કિમી ચઢવાનું સામેલ છે, પરંતુ તે ખૂબ જ ઢાળવાળો ચઢાણ છે. જેના કારણે આ માર્ગ પર વૃદ્ધોને

મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ માર્ગ પરના રસ્તાઓ સાંકડા છે અને વળાંક જોખમી છે.

શુક્રવારે (૨૮ જૂન), ૪૬૦૩ શ્રદ્ધાળુઓની પ્રથમ બેચ બાલતાલ અને પહેલગામ બેઝ કેમ્પ પહોંચી હતી. આ જૂથ જમ્મુના ભગવતી નગર યાત્રી નિવાસ બેઝ કેમ્પ થી ૨૩૧ વાહનોમાં CRPFની ત્રણ સ્તરીય સુરક્ષા વચ્ચે રવાના થયું હતું. જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ આ બેચને ફ્લેગ ઓફ કરી હતી.

યાત્રાળુઓ આજે સવારે ગાંદરબલના બાલટાલ બેઝ કેમ્પ અને પહેલગામના નુનાવાન બેઝ કેમ્પથી અમરનાથ ગુફાની યાત્રા શરૂ કરશે. યાત્રાળુઓની સુરક્ષા માટે પોલીસની ૧૩ ટીમો, એસડીઆરએફની ૧૧, એનડીઆરએફની આઠ, બીએસએફની ચાર અને સીઆરપીએફની બે ટીમો બંને માર્ગો પર ઉચ્ચ સુરક્ષા સ્થળો પર તૈનાત છે. આ ઉપરાંત અર્ધલશ્કરી દળોની ૬૩૫ કંપનીઓ તૈનાત છે.

આ વખતે અમરનાથ યાત્રાના રૂટ પર ૧૨૫ લંગર લગાવવામાં

આવ્યા છે. યાત્રાળુઓની મદદ માટે ૬ હજાર સ્વયંસેવકો તૈનાત કરવામાં આવ્યા છે. સુરક્ષાને મજબૂત કરવા અને ટ્રાફિકની સમસ્યાને દૂર કરવા માટે, ઉધમપુરથી બનિહાલ સુધીના નેશનલ હાઈવે પર ૧૦ CCTV પોઈન્ટ બનાવવામાં આવ્યા છે, જ્યાંથી સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.

### કેજરીવાલની

પહેલા પાનાનું ચાલુ

આમ આદમી પાર્ટીના જણાવ્યા અનુસાર ટ્રાયલ કોર્ટે કહેવાતા દારૂના કેસમાં અરવિંદ કેજરીવાલને જામીન આપ્યા હતા. બીજા જ દિવસે ઈડીએ હાઈકોર્ટમાં જઈને તેના જામીન પર સ્ટે લીધો હતો. આ કેસમાં હાઈકોર્ટમાંથી અરવિંદ કેજરીવાલના જામીન પરનો પ્રતિબંધ સુપ્રીમ કોર્ટ હટાવવાની હતી ત્યારે સીબીઆઈએ તેમની ધરપકડ કરી હતી. અગાઉ, સીબીઆઈએ ૧૬ એપ્રિલ ૨૦૨૩ના રોજ પ્રથમ વખત કેજરીવાલને સાક્ષી તરીકે પૂછપરછ માટે બોલાવ્યા હતા. પછી તેને આરોપી ન બનાવ્યો અને ૧૪ મહિના સુધી ઝૈંને કેજરીવાલને આરોપી બનાવવાનું યાદ ન આવ્યું? હવે અચાનક ઝૈં આટલા લાંબા સમય પછી જાગી અને કેજરીવાલની ધરપકડ કરી.

### ભારે વરસાદના

પહેલા પાનાનું ચાલુ

જવાબદાર હોવાનું કહેવાય છે. વરસાદના કારણે ભોંયતળિયે પાણી ભરાઈ જવાની સ્થિતિ સર્જાઈ હતી. પાણી ભરાવાને કારણે સમગ્ર બિલ્ડીગનો વીજ પુરવઠો બંધ થઈ ગયો છે.

જ્યાં સુધી ભોંયતળિયેથી પાણી ન નીકળે ત્યાં સુધી વીજ પુરવઠો શક્ય નથી. વીજળીના અભાવે ઓપરેશન થિયેટરો બંધ રહ્યા હતા. આઈસીયુ વિભાગમાં એસી બંધ રહ્યા અને આ ઉપરાંત લીફ્ટમાંથી વોટર ફોલ ની જેમ પાણી વરસ્યું.

### હરિયાણાની

પહેલા પાનાનું ચાલુ

સરકારને પૂછ્યું હતું કે ચાર લાખ બાળકો અચાનક ક્યાં ગાયબ થઈ ગયા, જેના પર હરિયાણા સરકાર સંતોષકારક જવાબ આપી શકી ન હતી. તેના પર હાઈકોર્ટે હરિયાણા સરકારને ચાર લાખ નકલી એડમિશન કરીને સરકારી ભંડોળની ઉચાપત કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો હતો

### દેશભરની

પહેલા પાનાનું ચાલુ

યુપીઆઈ જેવી મહત્વપૂર્ણ પેમેન્ટ સીસ્ટમમાં સતત મોનીટર કરવાની સુચના આપવામાં આવી છે. ડીડીઓએસ (ડીસ્ટ્રીબ્યુટેક ડીનાયલ ઓફ સર્વીસ) જેવા ખતરા સામે સ્ટાર્ન્ડડ નિયંત્રણો લાગુ કરવા સુચવવામાં આવ્યુ છે. આ પ્રકારનાં હુમલામાં હેકરો દ્વારા એક સાથે અનેક સીસ્ટમ પર પ્રહાર કરવામાં આવતા હોય છે. તેમજ મોટી હજારોની સંખ્યામાં કવેરી નાખવામાં આવતી હોય છે જે હેન્ડલ કરવાનું બેંકની વેબસાઈટ તથા ઓનલાઈન સેવા માટે મુશ્કેલ બની જાય છે.વાસ્તવીક ગ્રાહકોનાં ટ્રાન્ઝેકશનમાં હાલાકી સર્જાય છે.આ સિવાય રીમોટ લોગ-ઈન તથા મહત્વપૂર્ણ સીસ્ટમનાં એસેસ પર નિયંત્રણ રાખવા તથા વાઈરસ સામે તમામ સીસ્ટમ સ્કેન કરવાનું કહેવામાં આવ્યું છે. જરૂરી અપડેટેશન કરવાની પણ તાકીદ કરવામાં આવી છે.એકાદ વર્ષ પુર્વે કેન્દ્ર સરકારનાં ઈલેકટ્રોનિકસ મંત્રાલય હેઠળની કોમ્પ્યુટર ઈમરજન્સી રીસ્પોન્સ ટીમ દ્વારા સમાન પ્રકારનું જોખમ જાહેર કરવામાં આવી હતી. સામાન્ય રીતે બેંકોને સંભવીત સાઈબર એટેકની બાતમી મળે તે સાથે જ કધટીજન્સી પ્લાન લાગુ કરી દેતી હોય છે.આ વખતે પણ સમાન સ્થિતિ છે.બેંકોને મજબુત ઓફ લાઈન બેકઅપ તથા રીકવરી સ્ટ્રેટેજી અપનાવવાની સુચના આપવામાં આવી છે. સુત્રોએ કહ્યું કે ગુપ્તચર બાતમીને બેંકો કે નાણા સંસ્થાઓ હળવાશથી ન લઈ શકે

### પં.બંગાળના

પહેલા પાનાનું ચાલુ

ફરિયાદ કરી.બીજો મામલોઃ ગવર્નર બોસ વિરુદ્ધ યૌનશોષણનો વધુ એક મામલો સામે આવ્યો છે. તેના પર દિલ્હીની એક ૫ સ્ટાર હોટલમાં ઓડિસી ક્લાસિકલ ડાન્સર દ્વારા જાતીય સતામણીનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આ ફરિયાદ ઑક્ટોબર ૨૦૨૩ માં દાખલ કરવામાં આવી હતી. સમાચાર એજન્સી પીટીઆઈ અનુસાર, બંગાળ પોલીસે ગયા અઠવાડિયે રાજ્ય સરકારને તપાસ રિપોર્ટ સોંપ્યો હતો. આ મામલો ૧૪ મેના રોજ પ્રકાશમાં આવ્યો હતો. ઓડિસી ડાન્સરે પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે તે વિદેશ યાત્રાને લગતી સમસ્યાઓ અંગે મદદ લેવા રાજ્યપાલ પાસે ગઈ હતી

શું છે તપાસ રિપોર્ટમાં?તપાસ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે સીસીટીવી ફૂટેજમાં હોટલમાં ગવર્નરનો પ્રવેશ અને બહાર નીકળવાનો સમય અને મહિલાએ ફરિયાદમાં જે સમયનો ઉલ્લેખ કર્યો છે તે સમાન છે.જો કે, ઓડિસી ડાન્સરે ૧૦ મહિનાના વિરામ બાદ ઓક્ટોબરમાં ફરિયાદ શા માટે નોંધાવી તેનો ખુલાસો કર્યો નથી. આ સમગ્ર મામલે સીવી બોઝ કે રાજભવન તરફથી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

### સાંસદ

પહેલા પાનાનું ચાલુ

દિલ્હીમાં મારા ઘરને કેટલી વાર નિશાન બનાવવામાં આવ્યું છે. જ્યારે મેં દિલ્હી પોલીસ અધિકારીઓને પૂછ્યું કે આ બધું તેમની હાજરીમાં આ બધુ કેવી રીતે થઈ રહ્યું છે, તો તેઓએ લાચારી વ્યક્ત કરી.

ગૃહમંત્રી અમિત શાહને ટેગ કરતાં ઓવૈસીએ પૂછ્યું હતું કે આ બધું તમારી દેખરેખમાં થઈ રહ્યું છે. લોકસભાના સ્પીકર ઓમ બિરલાને પણ કહ્યું કે કૃપા કરીને અમને જણાવો કે શું સાંસદોની સુરક્ષાની ખાતરી આપવામાં આવશે કે નહી. ફેબ્રુઆરી ૨૦૨૩માં ઓવૈસીના ઘર પર પણ પથ્થરમારો કરવામાં આવ્યો હતોફેબ્રુઆરી ૨૦૨૩માં જયારે ઓવૈસી જયપુરમાં હતા ત્યારે તેમના ઘર પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. ૩૬ અશોકા રોડ પર બનેલા આ મકાનમાં કામ કરતા લોકોએ તેમને આ ઘટનાની જાણકારી આપી. આ પછી ઓવૈસીએ સંસદ માર્ગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તેણે આરોપ લગાવ્યો હતો કે બદમાશોએ તેના ઘર પર પથ્થરમારો કર્યો અને બારીઓના કાચ તોડી નાખ્યા હતા.૩ ફેબ્રુઆરીએ, યુપી વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ દરમિયાન, હાપુડમાં ટોલ પ્લાઝા પાસે ઓવૈસી પર ગોળીઓ વરસાવવામાં આવી હતી. ઓવૈસી મેરઠના કિથોર વિધાનસભા ક્ષેત્રમાં પ્રચાર કરીને દિલ્હી પરત ફરી રહ્યા હતા. હુમલાખોરો સચિન શર્મા અને શુભમ ગુર્જરે ચાર રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. બે ગોળી વાગવાના કારણે ઓવૈસીની કારના નીચેના ભાગમાં કાણું પડી ગયું હતું. ઓવૈસી માંડ માંડ બચ્યા હતા.

### થર્ડ પાર્ટી

પહેલા પાનાનું ચાલુ

ની મર્યાદા લાગુ થશે. તમામ આંતરરાષ્ટ્રીય અથવા ક્રોસ કરન્સી વ્યવહારો પર ૩.૫% ની માર્કઅપ ફી વસૂલવામાં આવશે. બાકી રકમના આધારે લેટ પેમેન્ટ ફીનું માળખું રૂ. ૧૦૦ થી રૂ. ૩૦૦ સુધી સુધારવામાં આવ્યું છે.સ્ટેટમેન્ટ ક્રેડિટ અથવા કેશબેક પર રિવોર્ડ રિડીમ કરનારા ગ્રાહકો પાસેથી રૂ. ૫૦ ની રિડેમ્પશન ફી વસૂલવામાં આવશે. રિવોલ્વિંગ ક્રેડિટ ફેસિલિટીનો ઉપયોગ કરતા ગ્રાહકોને દર મહિને ૩.૭૫% ચાર્જ કરવામાં આવશે. આ વ્યવહારની તારીખથી બાકી રકમની સંપૂર્ણ ચુકવણી સુધી લાગુ રહેશે.કોઈપણ ઓનલાઈન અથવા ઓફલાઈન સ્ટોર પર ઈઝી-ઈએમઆઈ વિકલ્પનો લાભ લેવા માટે, ગ્રાહકોએ રૂ. ૨૯૯ સુધીની પ્રોસેસિંગ ફી ચૂકવવી પડશે.

### ગૃહ રાજ્યમંત્રી

છઠ્ઠા પાનાનું ચાલુ

ભૂલકાઓ ઉત્સાહભેર શાળાપ્રવેશ અને નામાંકન કરાવ્યું હતું.

આ પ્રસંગે ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવીએ રાજ્ય સરકાર દ્વારા ચાલતા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ વિષે માહિતી આપતા પૂર્વ પ્રાથમિક શિક્ષણનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, વ્યક્તિ અને સમાજના સંપૂર્ણ વિકાસ માટે પાયાનું શિક્ષણ અતિ મહત્વનું છે. શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે અરસ-પરસ સેતુ બંધાય ત્યારે સર્વોત્તમ શિક્ષણ પ્રાપ્ત થાય છે. સાથે જ તેઓએ વિદ્યાર્થીઓને રાજયસરકારની શિક્ષણની યોજનાઓનો લાભ લઈ અવિરત આગળ વધવા અપીલ કરી હતી. તેમજ તેમણે શિક્ષક અને શાળાઓને બાળકોનું ઉચ્ચ જીવન ઘડતર થાય અને સારો નાગરિક બની દેશનું માથું ગૌરવથી ઉન્નત કરે તેવા પ્રયાસો કરવાની હિમાયત કરી હતી.

વધુમાં માતા-પિતાને પણ શિક્ષણનું મહત્વ સમજાવી બાળકોને વધુમાં વધુ શિક્ષણ પ્રત્યે રુચિ કેળવે તેવા પ્રયત્નો કરવા અપીલ કરી હતી.આ વેળાએ મહાનુભાવોના હસ્તે શાળામાં અભ્યાસ કરી ઉત્તમ પ્રદર્શન કરનારા બાળકોને ઈનામ અને પ્રમાણપત્ર એનાયત કર્યા હતા. તેમજ શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો.

આ પ્રસંગે નગર પ્રા. શિક્ષણ સમિતિના અધ્યક્ષશ્રી રાજેન્દ્રભાઈ કાપડીયા, શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકો, સામાજિક અગ્રણીઓ, વાલીઓ-શહેરીજનો અને પ્રવેશ મેળવનાર ભૂલકાઓ, વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### પુણા કચેરીમાંથી

છઠ્ઠા પાનાનું ચાલુ

સર્જરી કરાવવાની હતી. પણ આયુષ્યમાન કાર્ડ ન હોવાથી સૌથી પહેલા આવકના દાખલાની જરૂરિયાત ઉભી થઇ. તેઓએ મિનીબજારના જનસેવા કેન્દ્રનો સંપર્ક સાધતા તત્કાલ સ્ટાફ દ્વારા માત્ર કલાકોમાં દાખલો કાઢી આપવાની ઉમદા કામગીરી કરવામાં આવી હતી. તેવી જ રીતે સાદુળભાઈ રબારીને આયુષ્યમાન કાર્ડ કઢાવવા માટે આવકના દાખલાની જરૂર પડતા કલાકમાં તો દાખલો કાઢી આપવામાં આવ્યો હતો. જયારે જયસુખભાઈ સુહાગીયાને ઓપરેશન માટે જરૂરી આયુષ્યમાન કાર્ડ માટે આવકના દાખલાની જરૂરિયાત પડતા તેમના પુત્રને તત્કાલ દાખલો કાઢી આપવામાં આવ્યો હતો.

તેવી જ રીતે મિનીબજાર ખાતે રહેતા કૈલાસબેન ઝવેરભાઈ ભાલાળાને ઘૂંટણના ઓપરેશન માટે આયુષ્યમાન કાર્ડની જરૂરિયાત પડી પણ રેશનકાર્ડમાં નામમાં સુધારો કરવો પડે તેમ હતો, જેથી તેઓએ તત્કાલ વરાછાના પુરવઠાઝોન કચેરીનો સંપર્ક સાધતા કચેરીના કર્મયોગીઓએ તત્કાલ નામમાં સુધારો કરી આપ્યો હતો. સંવેદનશીલ કામગીરીના પગલે આ તમામ અરજદારોને સરકારી સેવાનો સુખદ અનુભવ થયો હતો અને નેક કામમાં સહાયરૂપ થવા મામલતદારશ્રી તેમજ બદલ કર્મચારીઓનો આભાર માન્યો હતો.

પુણા મામલતદાર શ્રીમતી રોશનીબેન પટેલે જણાવ્યું કે, જયારે પણ કોઈ ઈમરજન્સીમાં આવકના દાખલાની જરૂરિયાત પડે ત્યારે નાગરિકોએ મિનીબજાર ખાતે જનસુવિધા કેન્દ્રનો સંપર્ક કરવાથી તેઓને તત્કાલ દાખલો કાઢી આપવામાં આવશે.

### અમરોલી સહકારી

છઠ્ઠા પાનાનું ચાલુ

‘એક પેડ માં કે નામ’ અભિયાનને ગુજરાતમાં વેગ આપ્યો છે. વન અને પર્યાવરણ રાજ્ય મંત્રીશ્રીએ સૌ નાગરિકોને આ અભિયાનમાં જોડાઈને પોતાની માતા અને ભારત માતાના નામે વૃક્ષારોપણ કરવા આહવાન કર્યું હતું.

### ઉધનાની શાળામાં

છઠ્ઠા પાનાનું ચાલુ

બાલવાટિકા પ્રવેશ મેળવનાર નાના બાળકોના કુમકુમ પગલાં લેવામાં આવ્યા તેમજ શાળાઓની વિવિધ આઉટડોર પરીક્ષાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા. શાળાને મદદરૂપ થનાર દાતાઓનો સન્માન કરવામાં આવ્યો. કાર્યક્રમના અધ્યક્ષ શ્રી છોટુભાઈ પાટીલજી દ્વારા બાળકોને પ્રવેશ માટે શુભેચ્છા પાઠવવામાં આવી અને વાલીઓને સરકારી શાળાનું મહત્વ સમજાવી શિક્ષણ વિશે બાળકો તરફ પૂરેપૂરું ધ્યાન આપવા માર્ગદર્શન કરવામાં આવ્યું કાર્યક્રમના અંતે વાલીમંડળના અધ્યક્ષ અને સભ્યો સાથે મુલાકાત અને અંતમાં ઉપસ્થિત મહેમાનોના હસ્તે શાળા મેદાનમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

કાર્યક્રમમાં મારી સાથે વોર્ડ નંબર ૨૪ ઉધનાના કોર્પોરેટરશ્રીઓ ડૉ. બળવંતભાઈ પટેલ, શ્રીમતી રોહિણીબેન પાટીલ, શ્રીમતી હીનાબેન કણસાગરા, પૂર્વ કોર્પોરેટર શ્રી સુરેશભાઈ કણસાગરા, શ્રી પ્રકાશભાઈ ખૈરનાર, સાઈબાબા સોસાયટીના પ્રમુખ શ્રી જગદીશભાઈ પાટીલ, નિરીક્ષક શ્રીમતી કીર્તિબેન બોરસે, સી.આર.સી. અંકલેશ કોરડે, સામાજીક અગ્રણીઓ, શાળાના દાતાશ્રીઓ, વાલીમિત્રો, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ,શાળાના મુખ્યશિક્ષકશ્રીઓ શ્રી વિજય પાટીલ, શ્રી મંગેશ પાટીલ, શ્રી સુરેશ શેલાર, તમામ શાળાઓના શિક્ષકશ્રીઓ અને મોટી સંખ્યામાં શાળાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. તમામ પ્રવેશ મેળવનાર બાળકોને શુભેચ્છાઓ પાઠવી.

### સુરત ચાઇલ્ડ

છઠ્ઠા પાનાનું ચાલુ

મે મહિનામાં ટાસ્કફોર્સ દ્વારા હોટેલ-રેસ્ટોરન્ટ, કરખાનાઓમાં ૩ રેડ કરાઈ હતી, જેમાં ૪ બાળશ્રમિક અને ૩ તરૂણ શ્રમિકો માલૂમ પડ્યા હતા. જેમના પુનર્વસનની કામગીરી કરવામાં આવી છે. આ બાળકો બિહારના હોવાથી બિહારમાં રહેતા તેમના માતાપિતાને સુરત બોલાવી બાળકો સાથે માતાપિતાનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું અને ભવિષ્યમાં બાળક ફરી વાર બાળમજૂરીના દલદલમાં ન ફસાય એ માટે સમજણ આપવામાં આવી છે. માલૂમ પડેલ બાળશ્રમિક જગ્યાના માલિક સામે એફઆરઆઈ કરવામાં આવી હતી. નિયમનની ૩ નોટિસ આપવામાં આવી એમ મદદનીશ શ્રમ આયુકતશ્રીએ જણાવ્યું હતું.

બેઠકમાં જિલ્લા આરોગ્ય અધિકારી ડો.અનિલ પટેલ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી જિજ્ઞેશ ચૌધરી, નાયબ જિલ્લા પ્રા.શિક્ષણ અધિકારી વજેસિંગ વસાવા, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી મુકેશ એન. ગામીત સહિત વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ૨૯૭ વિદ્યાર્થીઓને

છઠ્ઠા પાનાનું ચાલુ

જીવન ઘડતરનો પાયો શિક્ષણ છે. આ સાથે વડાપ્રધાનશ્રીએ શરૂ કરાયેલા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવને કારણે છેવાડાના વિસ્તારમાં રહેતા દીકરા-દીકરીઓના શિક્ષણમાં વધારો થઈ રહ્યો છે. પહેલાના સમય બાળકો શાળાએ રડતા રડતા આવતા હતા, પણ હવે શાળાના આધુનિકરણ અને નવી સુવિધાઓના કારણે બાળકો હસતા રમતા આંગણવાડી અને બાલવાટિકામાં જોવા મળી રહ્યા છે. બાળકના જીવનઘડતરમાં ઉપયોગી તેવી બીજી બાબત તેનામાં ઉત્તમ સર્જનશક્તિનું નિર્માણ થાય તેવું શિક્ષકો સાથે પરિવારે પણ ધ્યાન આપવું જોઈએ.

### પલસાણામાં

છઠ્ઠા પાનાનું ચાલુ

ભણીગણીને આગળ વધે તે માટે શિક્ષકો અને વાલીઓએ જાગૃત બનીને કાર્ય કરવું પડશે. આજનું બાળકો આપણા દેશનું ભવિષ્ય છે જેને શિક્ષકોએ શિક્ષણની સાથે સાથે સંસ્કારોનું સિંચન થાય તે માટે કાર્ય કરવાનો અનુરોધ કર્યો હતો.

### કચ્છની

છઠ્ઠા પાનાનું ચાલુ

ખેડૂતો પ્રથમ વખત સુરતમાં આવી પોતાની વિવિધ ખારેકની વેરાયટીનું વેચાણ કરી રહ્યા છે. જેમાં હાલ ૧૫ પ્રકારની મીઠી ખારેક મળી રહેશે. જ્યારે સિઝન મુજબ સમય જતા અન્ય ૫૫ જાતની ખારેક પણ અહીં ઉપલબ્ધ બનશે.

તેમણે કચ્છી મેવા તરીકે જાણીતી કચ્છી ખારેકને હાલમાં જ જી.આઈ. ટેગ મળ્યો હોવાનું જણાવી ઉમેર્યું કે, સુપર ફ્રુટ ખારેક સ્વાદમાં મીઠી અને મુલાયમ હોય છે. કચ્છી દેશી ખારેક કાર્બોદિત અને માઈક્રોન્યૂટ્રિએન્ટ્સથી ભરપૂર હોય છે અને તેમાં ફાઈબર પણ પૂરતી માત્રામાં હોય છે. ભારતના કુલ ખારેક ઉત્પાદનના ૮૫ ટકા ઉત્પાદન એકલા કચ્છ જિલ્લામાં થાય છે. ફિનલેન્ડના સોશ્યલ સાયન્ટીસ્ટ મરિયાના યાવહોલા કરી રહ્યા છે ખારેક પર સંશોધન

### સુરતની ગૌ

છઠ્ઠા પાનાનું ચાલુ

તેમના ઉત્પાદનો ભારત સહિત અન્ય ૧૭ દેશોમાં ઈન્ટરનેટના માધ્યથી વેચાય છે. તેઓ ગાય-બુલના છાણ અને ગૌમૂત્રના અર્ક ઉપર સંશોધન કરીને માનવ બીમારીમાં ઉપયોગી થાય એવી આયુર્વેદિક પ્રોડક્ટ્સ બનાવી રહ્યા છે. જેના બીમારીઓમાં સારા પરિણામો જોવા મળ્યા છે.

### ૭૦ ભૂલકાઓ

છઠ્ઠા પાનાનું ચાલુ

આ પ્રસંગે ધારાસભ્યશ્રીએ શાળામાં પ્રવેશ મેળવનાર બાળકો અને વાલીઓને શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું કે, નવી શિક્ષણનીતિના પરિણામે બાળકોને ભાર વગરનું અને સુવિધાસભર ભણતર પ્રાપ્ત થઈ રહ્યું છે. સતત ૨૦ વર્ષથી રાજ્ય સરકાર દ્વારા યોજાતા આ ઉત્સવનો હેતુ ૧૦૦ ટકા નામાંકન તેમજ આંગણવાડી-બાલવાટિકાના માધ્યમથી બાળકો શિક્ષણ તરફ પા-પા પગલી માંડે તે છે. શાળા પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમો થકી વાલીઓમાં આજે જાગૃતતા આવી છે, શિક્ષકોમાં ઉત્સાહનો સંચાર થયો છે અને બાળકોને પ્રોત્સાહન મળ્યું છે, જેના પરિણામે આજે ગામનું દરેક બાળક શિક્ષણ મેળવતું થયું છે, અને શાળા પ્રવેશોત્સવ એ ખરા અર્થમાં શિક્ષણનો તહેવાર બન્યો છે.

### નાયબ વન

છઠ્ઠા પાનાનું ચાલુ

પ્રવેશોત્સવથી છેવાડાની શાળાઓ સુધી સુવિધાઓ સાથે શિક્ષણ પહોંચાડવાનો સરકાર પ્રયાસ છે. બાળકોને પોતાના નિર્ધારિત કરેલા લક્ષ્ય સાથે આગળ અભ્યાસ કરવા જણાવી સૌ વિદ્યાર્થીને શુભેચ્છા પાઠવી હતી. આ અવસરે નાયબ સચિવ તથા અન્ય મહાનુભાવોના હસ્તે શાળામાં વૃક્ષારોપણ કરાયું હતું. આ પ્રસંગે બારડોલીના આરએફઓ પી.બી. વાઘેલા, બીઆરસી કોર્ડીનેટર એન એમ ચૌધરી,ગામના સરપંચશ્રી, તલાટીશ્રી અને મોટી સંખ્યામાં વાલીઓ, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### પોલ્યુશન

છઠ્ઠા પાનાનું ચાલુ

તાલુકાની વનરાજ હાઈસ્કૂલમાં ધોરણ-૯માં ૧૮૦ અને ધો- ૧૧માં ૨૯૦ બાળકો મળીને કુલ ૫૩૬ બાળકોને પ્રવેશ અપાવ્યો હતો. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે આંગણવાડી અને શાળાના પ્રવેશપાત્ર વિદ્યાર્થીઓને પુસ્તકો અને યુનિફોર્મ સહિતની શૈક્ષણિક કિટ વિતરણ કરી શાળા પ્રવેશ કરાવાયો હતો. આ ઉપરાંત વર્ષ દરમિયાન ૧૦૦ ટકા હાજરી, રમત-ગમત, અભ્યાસ, સાંસ્કૃતિક કાર્યક્રમો અને રાજયકક્ષાની પરિક્ષાઓ સહિત વિવિધ ક્ષેત્રમાં પ્રથમ, દ્રિતીય અને તૃતીય ક્રમે આવેલા તેજસ્વી તારલાઓ અને શાળાના દાતાઓનું મહાનુભાવોના હસ્તે સ્મૃતિભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### સુરત સ્ટેશન સામે

છેલ્લા પાનાનું ચાલુ

અંદર અનેક હોટલો ચાલી રહી છે. હોટલોમાં ફાયર વિભાગ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે અને જે પણ જોખમી પૂરવાર થાય તેવી હોટલોના બેઝમેન્ટને સીલ કરવામાં આવી રહ્યા છે.

ચીફ ફાયર ઓફિસર બસંત પરીખે જણાવ્યું હતું કે, ફાયર વિભાગની ટીમ દ્વારા તમામ ઝોનની અંદર તપાસ કરવામાં આવી રહી છે. આજે રેલવે સ્ટેશનની આસપાસની હોટલો તપાસ કરતા ત્રણ જેટલી હોટલોમાં તપાસ કરાતા બેઝમેન્ટમાં ડાઈનિંગ હોલ ચલાવતા હોવાની ગંભીર બાબત ધ્યાન પર આવી હતી. એટલું જ નહીં પરંતુ બેઝમેન્ટમાં બહારથી આવતા વ્યક્તિઓ માટે ગાદલા નાખી દેવામાં આવતા હોય છે. એક પ્રકારે તેનો હોટલ રૂમ તરીકે જ ઉપયોગ કરવામાં આવે છે. આવી સ્થિતિમાં આગ લાગે તો ગંભીર દુર્ઘટના થવાની પૂર્ણ શક્યતા છે. આવી ગંભીર બાબત ધ્યાનમાં આવતા તત્કાલ બેઝમેન્ટને સીલ મારી દેવામાં આવ્યા છે.

### રદ કરાયેલી

છેલ્લા પાનાનું ચાલુ

નોટ કુલ નંગ ૧૪,૦૦૦ જેની કિં. રૂ.૭૦,૦૦,૦૦૦ તથા રૂ. ૧૦૦૦ ની ચલણી નોટ કુલ નંગ ૫૦૦ જેની કિં.રૂ. ૫,૦૦,૦૦૦ જે તમામ મળી કુલ ૧૪,૫૦૦ નંગ ચલણી નોટ જેની કુલ કિં. રૂ. ૭૫,૦૦,૦૦૦/- ની મતા મળી આવી હતી. આ તમામ ચલણી નોટો ભારત સરકાર દ્વારા રદ કરવામાં આવી હતી. જેથી તેની કિં.રૂ.૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરી મળી આવેલ ચાર ઇસમો વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. ડુમસ પોલીસએ સ્ટેશન ધ સ્પેશીફાઈડ બેંક નોટસ્ (સેસન ઓફ લાયબીટી) એકટ ૨૦૧૭ ની કલમ ૭ મુજબ આ પકડાયેલ ઇસમો (૧) નરેશભાઈ રણછોડભાઈ પટેલ ઉ.વ.૫૮ ધંધો. દલાલી રહે. મકાન નં.૧૯૭/૯ , બાવળ ફળીયુ, ભીમપોરગામ, સુરત શહેર (૨) વિનીત રજનીકાંત દેસાઇ ઉ.વ.૩૮ ધંધો.દલાલી રહે. સી-૯૦૨, વિરભદ્ર હાઈટ્સ, મગદલ્લા વાય જં કશન પાસે, સુરત શહેર (૩) મોહમંદ સાદિક મોહમંદ સફી શેખ ઉ.વ.૪૨ ધંધો. દલાલી રહે. ઘર નં.૧૩૮ ખલીફા મહોલ્લો, નાનપુરા સુરત શહેર (૪) મનિષકુમાર મારકન્ડેયસિંહ રાજપુત ઉ.વ.૩૬ ધંધો. નોકરી રહે. ઘર નં.૬૨, નંદનવન સોસાયટી, નાની ચોવીસી,. નવસારી સામે કાર્યવાહી હાથ ધરી છે.

### પાંચ ટકા

છેલ્લા પાનાનું ચાલુ

તેઓએ વ્યાજ પર રૂપિયા ૫૦૦૦૦ પુરા માસિક પાંચ ટકા લેખે આપેલ અને પૈસા આપતી વખતે સેદુલે ગીરો પેટે ઈકોગાડી પોતાના કબ્જામાં લઈ લીધેલ અને પુરા પૈસા પરત ત્યારે ગાડીનો કબજો પરત આપવાની બાહેધરી આપી અને દર મહિને વ્યાજના થતા રૂપિયા ૨૫૦૦ ની ચુકવણી કરવાની રહેશે તેવું જણાવેલ હતું ત્યારબાદ આજ દિન સુધી ૧૬ મહિનાનું વ્યાજ દર માસે ચુકવણી કરી ખુલ્લે ૪૦,૦૦૦ વ્યાજ ભરેલ છે પરંતુ આ વ્યાજે આપનાર શેદુલ અબ્દુલ રહેમાન ખાન પઠાણી ઉઘરાણી કરી હજુ પણ રૂપિયા ૯૦,૦૦૦ આપી દેવા જણાવી ગાળો આપી માર મારવાની ધમકીઓ આપેલ હોય જેથી આ અંગે હજી જે પલસાણા પોલીસમાં ઉપરોક્ત વ્યાજખોર સેદુલ અબ્દુલ રહેમાન ખાન ઉંમર વર્ષ ૩૨ નાવો વિરુદ્ધ ફરિયાદ આપતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે

### કોસંબા

છેલ્લા પાનાનું ચાલુ

મતદાન કરવા આવ્યા અને મતદાન કરવા આવ્યા તો પોલીસ તેમની ધરપકડ કરે તે વાતને લઈ બબાલ થઈ હતી.

પરેશ શાહ નામનો ડિરેક્ટર પોલીસ ચોપડે ફરાર હોવાનો આક્ષેપ છે,ડિરેક્ટર વોટ આપવા આપતા અન્ય ડિરેક્ટરોએ અટકાવ્યો હતો જેના કારણે હોબાળા મચ્યો અને વીડિયો વાયરલ થયો હતો.પોલીસ આરોપીની ધરપકડ કરે એવી માંગ ઉઠી છે.ડિરેક્ટરને દાદર પર જ અટકાવી દેવાયો હતો.ન્ઝમ્ સહિતનો મોટો પોલીસ કાફલો ઘટના સ્થળ પર હાજર થયો હતો.છતાં ફરાર આરોપી મત આપવા ભાજપના એક જૂથ સાથે હાજર થયો હતો.પોલીસની કામગીરી સામે એક જૂથના સમર્થકોએ ઉઠાવ્યા સવાલો.

ચૂંટણી અધિકારી દ્વારા ગાંધીનગર અર્બન કો-ઓપરેટીવ બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટરની ૧૩ જગ્યાઓની ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જે મુજબ ૨૮ જૂને પ્રાથમિક મતદાર યાદી પ્રસિદ્ધ થશે. ૧૨ જુલાઇ સુધી મતદાર યાદી પર વાંધા રજૂ કરી શકાશે. ૧૫ જુલાઇએ આખરી મતદાર યાદીની પ્રસિદ્ધિ કરાશે. ૧૬થી ૧૮ જુલાઇ સુધી ઉમેદવારી પત્રો સ્વીકારવામાં આવશે. ૨૨મીએ ચકાસણઈ થશે જયારે ૨૬ જુલાઇ સુધી ઉમેદવારીપત્રો પરત ખેંચી શકાશે.

### ચોમાસામાં

છેલ્લા પાનાનું ચાલુ

દરમિયાન ઠંડા પવનો સાથે વરસાદ પ્રવાસીઓને ખૂબ જ મજા આવતી રહે છે.

જાણવા મળેલી વિગતો અનુસાર, શનિ-રવિ ના દિવસો દરમિયાન સુરત સહી સમગ્ર દક્ષિણ ગુજરાત અને સાપુતારાને અડીને આવેલા મહારાષ્ટ્રમાંથી પણ પ્રવાસીઓનો જમાવડો ખાસો એવો જોવા મળ્યો છે. ગુજરાતનું એકમાત્ર હવા ખાવાનું જો સ્થળ હોય તો એ સાપુતારા છે. અને ગુજરાતનું ચેરા પૂછી ગણાતું આહવા ખાતે પણ મોસમનો કુલ વરસાદ ઘણો જ સારો પડતો હોય છે. પ્રવાસીઓના જમાવડાને કારણે સ્થાનિક હોટલો, ગેસ્ટ હાઉસ અને ગુજરાત ભવન પણ હાઉસફુલ થઈ ગયા છે.

### ઘર સામે

છેલ્લા પાનાનું ચાલુ

આવેલી છે. જેમાં બે દિવસ પહેલા સોસાયટીમાં જ બે બાળકો રમી રહ્યા હતા. દરમિયાન એક યુવક પાર્ક કરેલી પોતાની કાર લઈને જવાનો પ્રયાસ કરી રહ્યો હતો. દરમિયાન કારચાલકને સોસાયટીના રસ્તા પર રમી રહેલા બે બાળકો નજરે ન ચડતા તેના પર કાર ચડાવી દીધી હતી. બુમાબુમ થતા કારચાલક બહાર નીકળ્યો હતો.

કારચાલક દ્વારા બાળકોને બહાર કાઢવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જેમાં કારના આગળના ભાગેથી મોટા બાળકને કાઢવામાં સફળતા મળી હતો. તો બીજી તરફ બુમાબુમ સાંભણીને દોડી આવેલી માતાએ કાર નીચેથી નાના બાળકને બહાક કાઢ્યું હતું. આ ઘટના સીસીટીવીમાં કેદ થઈ જવા પામી છે. આ ઘટનામાં બંને બાળકોને આબાદ બચાવ થયો હતો.

વાલીઓ પોતાના બાળકોને રેઢા મુકી દેતા બાળકો દુર્ઘટનાનો ભોગ બન્યાના અનેક કિસ્સા સામે આવ્યા છે. ગતરોજ (૨૮ જૂન) નવસારીના બીલીમોરામાં છ વર્ષની બાળકી ગટરમાં પડી ગઈ હતી અને ગરકાવ થઈ ગઈ હતી. પરિવારે શોધખોળ દરમિયાન નજીકમાં લાગેલા સીસીટીવી ચેક કરતા બાળકી તંત્રએ ખુલ્લી રાખેલી ગટરમાં પડી હોવાનું સામે આવ્યું હતું. ૨૦ કલાકથી વધુની શોધખોળ બાદ આખરે માસુમનો મૃતદેહ હાથે લાગ્યો હતો.

આજથી બાર દિવસ પહેલાં રાજકોટના શિલ્પન ઓનિક્સ એપાર્ટમેન્ટમાં પણ આવી જ ઘટના ઘટી હતી. જેમાં ત્યાં રહેતા અને ચોકીદારી કરતા નેપાળી પરિવારની બે ૩-૩ વર્ષની બાળકી રમતાં-રમતાં સ્વિમિંગ પૂલમાં પડી ગઈ હતી. જેમાં બન્ને માસુમોને કોઈ બચાવે તે પહેલાં જ ડૂબી જતાં બન્નેનું મોત નીપજ્યું હતું. આ પ્રકારની ઘટના વાલીઓ માટે લાલ બત્તી સમાન છે. પોતાના બાળકોને જોખમી જગ્યા પર એકલા ન મુકવા જોઈએ. હાલમાં ચોમાસાની સીઝનમાં જીવ-જંતુથી બાળકને ખાસ બચાવવું જોઈએ. આ સાથે જ વરસાદી પાણી ભરાતી જગ્યા પર બાળકો ન જાય તેની ખાસ તકેદારી રાખવી જોઈએ.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel “Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 .
Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
શનિવાર, તા.૨૯ જૂન ૨૦૨૪ | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫, E-mail : pratap_darpan@yahoo.co.in

## સુરતમાં ચાર, તાપી, નવસારી, વલસાડ જિલ્લામાં ત્રણ-સાડા ત્રણ ઈંચ વરસાદ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૯

સુરત શહેર-જિલ્લા સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ મહેર કરતાં સર્વત્ર જોરદાર વરસાદ પડી રહ્યો છે. સુરત જિલ્લાના પલસાણામાં સૌથી વધુ ચાર ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે તાપી, નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લામાં ઠેર-ઠેર બે-ત્રણ ઈંચ વરસાદ છેલ્લાં ૨૪ કલાક દરમિયાન ઝીંકાયો હોવાનું જાણવા મળે છે.

વિવિધ ફલડ કન્ટ્રોલમાંથી પ્રાપ્ત વિગત મુજબ ગઈકાલે સવારથી આજે સવાર સુધીમાં સુરત જિલ્લાના ઓલપાડમાં ૪૫ મીમી, માંગરોળમાં ૧૨, ઉમરપાડામાં ૫, માંડવીમાં ૧૫, કામરેજ ૪૫, સુરત સિટીમાં ૩૬, ચોર્યાસીમાં ૨૩, પલસાણામાં ૧૦૩, બારડોલીમાં ૫૩, મહુવામાં ૪૭ મીમી વરસાદ નોંધાયો છે. આ પ્રમાણે તાપી જિલ્લામાં છેલ્લાં ૨૪ કલાક દરમિયાન નિઝરમાં ૧૪, ઉચ્છલમાં ૧, સોનગઢમાં ૨૫, વ્યારામાં ૫૦, વાલોડમાં ૬૪, કુકરમુંડામાં ૨૨, ડોલવણમાં ૩૬ મીમી વરસાદ ઝીંકાયો છે અને નવસારીમાં જિલ્લામાં ૧૦૬, જલાલપોરમાં ૮૭, ગણદેવીમાં ૫૯, ચીખલીમાં ૫૨, વાંસદામાં ૨૧, ખેરગામમાં ૭૫ મીમી વરસાદ નોંધાયો છે. જ્યારે ડાંગ જિલ્લાનાં આહવામાં ૪, સાપુતારામાં ૧૯, વઘઈમાં ૧૯ અને સુબીરમાં ૮ મીમી વરસાદ નોંધાયો છે.

**સુરત જિલ્લાના પલસાણામાં ચાર, ઓલપાડ, કામરેજ, બારડોલી અને મહુવામાં બે ઈંચ જેટલો જોરદાર વરસાદ**



**સરકારે ચલણમાંથી રદ્ કરી દીધેલી રૂપિયા હજાર અને પાંચસોનાં દરની કુલ રૂ.૭૫ લાખની કિંમતની ચલણી નોટ સાથે ડુમસ પોલીસે ચાર યુવકોની ધરપકડ કરી હતી. ડુમસ પોલીસે બાતમીનાં આધારે ઝડપી પાડેલા ચાર આરોપીઓ તસ્વીરમાં નજરે પડે છે.**

## સુરતમાં સતત વરસાદ પડતાં તાપમાનમાં ઘટાડો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૯

સુરત શહેરમાં એક-સવા ઈંચ વરસાદ પડતાં તેમજ દક્ષિણ ગુજરાતમાં પણ ઠેર-ઠેર ભારે વરસાદ પડતાં વાતાવરણમાં ઠંડક વ્યાપી જવા પામી છે. સુરતમાં આજે શનિવારે ઠેર-ઠેર છૂટો છવાયો વરસાદ પડી રહ્યો છે. આ દરમિયાન તાપમાનમાં થોડો ઘટાડો નોંધાયો છે.

હવામાન વિભાગનાં સૂત્રોએ જણાવ્યા મુજબ સુરતમાં આજે સવારે તાપમાન ઘટીને ૨૬.૪ ડીગ્રી નોંધાયું છે. જે ગઈકાલે સવારે ૨૬.૯ ડીગ્રી નોંધાયું હતું. છેલ્લાં ૨૪ કલાક દરમિયાન મહત્તમ તાપમાન ૩૦ ડીગ્રી છે. દક્ષિણ-પશ્ચિમ દિશઆનથી ચાર કિ.મી.ની ઝડપે પવન ફૂંકાતા વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૮ ટકા નોંધાયું છે. તેમ હવામાંન વિભાગના સૂત્રો દ્વારા જણાવવામાં આવ્યું છે.




**છત્તીસગઢમાં ગૌતસ્કરી રોકવા ગયેલા ગૌરક્ષક હર્ષ મિશ્રાની પોલીસ દ્વારા ધરપકડ કરવાનાં વિરોધમાં સુરતમાં આજે જયશ્રી રામ સેના સંગઠન દ્વારા સુરત જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.**

## સુરત સ્ટેશન સામે ત્રણ ડાઈનિંગ હોલના બેઝમેન્ટ સીલ કરી દેવયા

**આગની દુર્ઘટના અંગે ફાયર બ્રિગેડ દ્વારા આગમચેતીના પગલાં**

સુરત, તા.૨૯

ફાયર વિભાગની કાર્યવાહી:સ્ટેશનની આસપાસની હોટલોમાં ફાયર વિભાગે ચેકિંગ કરતા બેઝમેન્ટમાં ડાઈનિંગ હોલ અને રૂમ મળી આવતા સીલ કરાયા

અગ્નિકાંડ બાદ સુરત ફાયર વિભાગ દ્વારા સમગ્ર શહેરના અલગ અલગ ઝોનમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. એનઓસી કે સર્ટિફિકેટ વગરની મિલકતોને સીલ કરવાની કાર્યવાહી હજી પણ યથાવત્ જોવા મળી રહી છે. તેમજ જોખમી સ્ટ્રક્ચર કે ગેરકાયદેસર રીતે હોટલ રૂમ તૈયાર કર્યા હોય તેની સામે પણ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

સુરત શહેર ઔદ્યોગિક નગરી હોવાને કારણે બહારથી આવતા લોકોની અવરજવર ખૂબ મોટા પ્રમાણમાં હોય છે. ખાસ કરીને સુરતના રિંગ રોડ વિસ્તારમાં આવેલી ટેક્સટાઈલ માર્કેટમાં આવનારા વેપારીઓની સંખ્યા ખૂબ વધુ હોય છે. અન્ય રાજ્યમાંથી આવતા વેપારીઓ સ્ટેશનથી ઉતરીને રિંગ રોડ પરની ટેક્સટાઈલ માર્કેટની આજુબાજુની હોટલોમાં રોકાણ કરવાનું પસંદ કરતા હોય છે. જેથી રિંગ રોડ અને સ્ટેશન વિસ્તારની

અનુસંધાન પાના ૭ પર

## સુરત શહેરમાં એકથી સવા ઈંચ જેટલો વરસાદ ઝીંકાયો

**ઉકાઈ ડેમમાં પાણીની આવક ૬,૨૯૩ ક્યુસેક નોંધાઈ**

સુરત, તા.૨૯

સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાનું આગમન ધીમે ધીમે શરૂ થઈ ચૂક્યું છે ત્યારે છેલ્લા ૨૮કલાકમાં શહેરના વિવિધ વિસ્તારોમાં છૂટો છવાયો વરસાદ પડ્યો હતો. જોકે ગઈકાલે સવારે ૬:૦૦ વાગ્યાથી આજે સવારે ૮:૦૦ વાગ્યા સુધીમાં ફલડ કન્ટ્રોલ રૂમમાં વરસાદના જે આંકડા નોંધવામાં આવ્યા છે તે જોતા સેન્ટ્રલ ઝોનમાં૩૬ એમએમ, રાંદેર ઝોનમાં ૩૨ એમએમ, કતારગામ ઝોનમાં ૩૦એમ એમ, વરાછા એ જોનમાં ૩૯એમએમ, વરાછા બી ઝોન મા ૩૩એમ એમ , લિંબાયત ઝોન માં૩૨ એમએમ, ઉધના ઝોન મા ૩૯એમ એમ .અને અથવા ઝોનમાં૩૧ એમ.એમ. વરસાદ પડ્યો હતો. ઉકાઈ ડેમનું જળસ્તર આજે સવારે ૩૦૫ .૫૪ફૂટ ઉકાઈ ડેમમાં પાણીની આવક ૬,૨૯૩ ક્યુસેક થઈ છે . કોઝવે નું જળસ્તર ૪.૮૯મીટર નોંધાયું હતું.

## ગભેણીમાં દશી દારૂની ભઠ્ઠીઓ પર સ્ટેટ પોલીસે છાપા માર્યા

**દેશી દારૂ ગાળવાનો સામાન જપ્ત કરતી સ્ટેટ મોનિટરીંગ પોલીસ**

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૯

સુરત શહેરમાં સ્ટેટ વિજિલન્સની ટીમના દરોડા યથાવત રહેવા પામ્યા છે. સચિનના ગભેની ખાતેથી દેશી દારૂની ભઠ્ઠી પકડી પાડી બે બુટલેગરની ધરપકડ કરી હતી.

સુરત શહેરમાં સ્થાનિક પોલીસની રહેમનજર હેઠળ ચાલતા દારૂના ધંધા ઉપર સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા એક બાદ એક દરોડા પાડવામાં આવી રહ્યા છે. ગઈ કાલે મોડી રાત્રિએ વધુ એક વખત મોનીટરીંગ સેલએ રેડ કરી હતી. ગભેનિ ગામ તડ ફળિયા ખાતે દેશી દારૂની ભઠ્ઠી ચાલી રહી હતી. સેલે ત્યાં રેડ કરી હતી અને ઘબેનિ ગામમાં રહેતા દીપક રજબહાદુર મિશ્રા અને સુનીલ રસન રહ્યવની ધરપકડ કરી હતી. પોલીસે ત્યાંથી દેશી દારૂ અને દારૂ બનનાવવાનું સામાન કબજે કર્યો હતો. જ્યારે નરેશ ખલાસી, જાગૃતિ ખલાસી અને રેશ્માને વોન્ટેડ જાહેર કર્યા હતા.

## રદ કરાયેલી હજાર અને પાંચસોની રૂા.૭૫ લાખની નોટ સાથે ચાર યુવાનો ઝડપાયા

**ડુમસ પોલીસે રદ કરાયેલી ચલણી નોટ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો**

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૯

ડુમસના ભીમપોર ગામમાંથી રદ થયેલી ચલણી નોટો સાથે ડુમસ પોલીસે ચાર યુવકોની ધરપકડ કરી હતી.પોલીસ કમિશ્નર સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૦૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૦૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નર "જે" ડીવીઝન તરફથી સુરત શહેરમાં બનતા સાયબર ક્રાઈમના ગુન્હા તથા આર્થીક ગુન્હાઓના નિવારણ માટે જરૂરી પગલા લેવા બાબતે જરૂરી સુચનો આપવામાં આવેલ હતી. જે અન્વયે ડુમસ પોલીસ ખાતે ખાનગી બાતમી મળેલ કે " ભીમપોરગામ ખાતે બાવળ ફળીયામાં રહેતાં નરેશભાઈ રણછોડભાઈ પટેલના નિવાસસ્થાને મોટી માત્રામાં જુની બંધ થયેલ ચલણી નોટો સાથે અમુક વ્યક્તિઓ હાજર છે " જે અન્વયે ડુમસ પોલીસ ઈન્સપેક્ટર એન.વી.ભરવાડના માર્ગદર્શન તથા સીધી દોરવણી હેઠળ તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરતાં મકાન નં.૧૯૭/૯ બાવળ ફળીયુ, ભીમપોરગામ, સુરત શહેર ખાતે રેડ કરવામાં આવી હતી. ત્યાં હાજર ચાર ઈસમોના કબજામાંથી ભારત સરકાર દ્વારા રદ થયેલ જુની ભારતીય ચલણી નોટોમાં રૂ.૫૦૦ ની ચલણી

અનુસંધાન પાના ૭ પર

## મંદિરમાં લગ્નનું નાટક કરી સગીર છોકરી સાથે દુષ્કૃત્ય

**પરપ્રાંતિય યુવકે બળાત્કાર ગુજારતા ગુનો દાખલ**

સુરત, તા.૨૯

કડોદરા તારીખ ૨૯ પલસાના ના ચલથાણ માં રહેતા ૧૬ વર્ષના કિશોરે નજીકમાં રહેતી ૧૮ વર્ષની યુવતી સાથે શરીર સંબંધ બાંધી બલાત્કાર સંભોગ કરતા ભોગ બનનારીએ કડોદરા પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે તજવીજ હાથ ધરી છે આ અંગે મળતી વિગતો મુજબ ચલથાણમાં રહેતી ૧૮ વર્ષની યુવતી મૂળ બિહારની વટની સાથે ચલથાણ યોગેશ્વર નગર રીન્કુ મિશ્રાની રૂમમાં ભાડેથી પહેલા મલે રહેતા સંજય જીકમ સાધુ વર્મા મૂળ યુપીના વટની એ ચલથાણમાં કોઈ મંદિરે લઈ ગયેલ અને માથામાં સિંદૂર પુરી લગ્ન થયેલ હોવાની વાત કરી રૂમમાં મરજી વિરુદ્ધમાં પાંચથી છ વખત શરીર સંબંધ બાંધી બલાત્કાર સંભોગ કરેલ હોય જેથી ભોગ બનનારે કડોદરા પોલીસમાં સંજય વર્મા વિરુદ્ધ ફરિયાદ આપતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



**સચીન પોલીસની હદમાં ગભેણીમાં દારૂની ભઠ્ઠીઓ પર સ્ટેટ વિજીલન્સ પોલીસ દ્વારા છાપો મારવામાં આવતાં કાંઠા વિસ્તારનાં બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે. સ્ટેટ પોલીસે દારૂ ગાળનાર બે આરોપીઓની મુદ્દામાલ સાથે ધરપકડ કરી હતી.**

## કોસંબા મર્કન્ટાઇલ બેંકની ચૂંટણીમાં ભાજપના બે જૂથો આમને-સામને

**મતદાન કરવા આવેલા પરેશ શાહ પોલીસ ચોપડે ફરાર હોવાનો આક્ષેપ**

સુરત, તા.૨૯

સુરત કોસંબા મર્કન્ટાઈલ બેંકની ચૂંટણીમાં થઈ બબાલ,આ ચૂંટણીમાં ભાજપના બે જૂથ આમને સામે આવી ગયા હતા.પરેશ શાહ પોલીસ ચોપડે ફરાર હોવાનો આક્ષેપ થયો છે.તો પોલીસની હાજરીમાં પરેશ શાહ વોટ આપવા જતા હોબાળો મચ્યો હતો.પોલીસ આરોપીની ધરપકડ કરે એવી માંગ કરાઈ છે.ભાજપના બે જૂથ ચૂંટણીમાં છે આમને સામને.

આજે કોસંબા મર્કન્ટાઈલ બેંકની ચૂંટણી છે,જેમાં બંને પક્ષના ડિરેક્ટરો અને પોલીસ વચ્ચે હોબાળો થયો હતો.બેંકમાં કુલ ૧૨ ડિરેક્ટરો છે અને ૨૫ હજાર સભાસદો છે.જેમાંથી એક ડિરેક્ટર સામે ગુનો નોંધાતા તે પોલીસ ચોપડે ફરાર છે,ત્યારે આજે અચાનક પરેશ શાહ મતદાન કરવા આવતા મામલો બિચકયો હતો,ડિરેક્ટરોનો આક્ષેપ છે કે પરેશ શાહ પોલીસ ચોપડે ફરાર છે તો અહીંયા કેમ

અનુસંધાન પાના ૭ પર

## પાંચ ટકા વ્યાજે ધિરેલા રૂપિયાની પઠાણી ઉઘરાણી કરી મારી નાખવાની ધમકી

**વ્યાજખોર સામે પલસાણા પોલીસમાં ગુનો દાખલ**

સુરત, તા.૨૯

કડોદરા તારીખ ૨૯ પલસાણા ના બલેશ્વર ખાતે રહેતા ઈસમે ઈસ્લામપુરા ગામ ખાતે રહેતા યુવક ને વ્યાજે રૂપિયા આપી પઠાણી ઉઘરાણી કરતા યુવકે પલસાના પોલીસમાં ઉપરોક્ત વ્યાજખોર ઈસમ વિરુદ્ધ ફરિયાદ આપતા પોલીસે તજવીજ હાથ ધરી છે આ અંગે મળતી વિગતો મુજબ તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના મોજે ઈસ્લામપુરા ગામમાં અજીજ મજીદ કાકરાવ ઉંમર વર્ષ ૨૫ રહે છે છૂટક મજુરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે ગઈકાલે એસ કે ફાઈનાન્સ કંપની થી ફાઈનાન્સ લોન કરાવી ઈર્ટી ગાડી માસિક હપ્તે ફી ખરીદ કરેલ હતી જે લોન હાલમાં પણ ચાલુ છે પરંતુ થોડા સમય પછી ચાલુ લોન માં જ પૈસાની જરૂરિયાત ઊભી થતા સગા સંબંધી પાસેથી હાથ ઉછીના નાના માટે સંપર્ક કરેલ પરંતુ નાણાં નહિ મળવાના કારણે છેલ્લે કોઈની પાસેથી ખાનગી વ્યાજે નાણા લેવાનું નક્કી કરેલ અને ખાનગી વ્યાજે રૂપિયા આપતા માણસો બાબતે તપાસ કરતા મોરલામાં જ દુકાન ચલાવતા અબ્દુલ રહેમાન ખાન નો છોકરો શેડુલ નાનો વ્યાજે નાણાં આપતો હોય જેથી સેડુલ નો સંપર્ક કરેલ હતો જેને વ્યાજે રૂપિયા ૫૦૦૦૦ લેવા માટે બલેશ્વર ગામ બોલાવેલ હતો જ્યાં સેડુલ પાસેથી ઉધાર રૂપિયાની માંગણી કરતા

અનુસંધાન પાના ૭ પર

## ઘર સામે રમી રહેલા બે બાળકો પર ડ્રાઇવરે કાર ચડાવી દીધી

**બાળકોએ દેકારો મચાવતા દુર્ઘટનામાં આબાદ બચાવ**

સુરત, તા.૨૯

સુરતમાંથી માતા-પિતા માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. જેને રામ રાખે તેને કોણ ચાખે તેવી ઘટના બની છે. પર્વત પાટિયા વિસ્તારમાં આવેલા રોયલ રેસીડેન્સીમાં એક કારચાલકે બે રમી રહેલા બાળકોને કચડ્યા હતા. બાળકોએ બુમાબુમ કરતા કારચાલક તુરંત કારમાંથી બહાર નીકળ્યો હતો અને એક બાળકને બહાર કાઢ્યું હતું. તો અન્ય એક નાના બાળકને બુમાબુમ સાંભળીને દોડી આવેલી માતાએ કાર નીચેથી બહાર કાઢ્યું હતું. આ સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. સદનસીબે આ ઘટનામાં બંને બાળકનો આબાદ બચાવ થયો હતો.

મળતી માહિતી પ્રમાણે, પર્વત પાટિયા વિસ્તારમાં રોયલ રેસીડેન્સી

અનુસંધાન પાના ૭ પર

## ચોમાસામાં શનિ-રવિવારની રજામાં સાપુતારામાં સહેલાણીઓ ઉમટી પડ્યાં

**વન્ય પ્રદેશ ડાંગમાં વરસાદ પડતાં આહલાદક માહોલ**

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૯

આમ સામાન્ય રીતે સાપુતારા ખાતે ચોમાસા અને શિયાળામાં પ્રવાસીઓનો ખાસો એવો ઘસારો જોવા મળતો હોય છે. તે જ રીતે આ વખતે પણ શનિ-રવિના દિવસોમાં ટુરિસ્ટોનો પ્રવાહ સતત ચાલુ રહેલો હોવાનું જાણવા મળ્યું હતું. સાપુતારા ખાતે મોસમનો કુલ વરસાદ પાંચ ઈંચ પર પહોંચતા વાતાવરણમાં સારી એવી ઠંડક પ્રસરી ગઈ હોવાને કારણે પ્રવાસીઓ સાપુતારા જવાનો આગ્રહ વધારે રાખતા હોય છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં આવવા સાપુતારા , આહવા , વઘઈ અને સુબીર ખાતે સતત હળવોથી મધ્યમ તથા ધીમી ધારે મેઘરાજા વરસી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકના આંકડા જોતા સાપુતારા ખાતે ૧૯ દ્ધદ્ધ, આહવા ખાતે ચાર એમ એમ, વઘઈ ખાતે ૧૯ એમ .એમ . અને સુબીર ખાતે ૮ એમ. એમ. વરસાદ નોંધાયો હતો. ગતરોજ સાપુતારા ખાતે ૧૯ એમએમ વરસાદ નોંધાતા મોસમનો કુલ વરસાદ ૧૨૫ એમ એમ પર પહોંચ્યો હતો. જોકે રાત્રિ

અનુસંધાન પાના ૭ પર



**ફાયર સેફ્ટી અંગે સુરત ફાયર બ્રિગેડ દ્વારા સુરત રેલ્વે સ્ટેશન સામે આવેલા ત્રણ ડાઈનિંગ હોલ બેઝમેન્ટમાં ચાલતા હોવાથી આગની દુર્ઘટનાનાં આગમચેતીનાં પગલાંરૂપે ત્રણેય સ્થળો પર આજે સીલ મારી દેવાયા હતા. ફાયર બ્રિગેડ દ્વારા બેઝમેન્ટમાં કોમર્શીયલ પ્રવૃત્તિઓ પર રોક લગાવવાનું શરૂ કરી દેવાયું છે.**